

શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝીન

# સત્સંગ સેવક

એપ્રિલ-૨૦૨૩



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

એપ્રિલ, ૨૦૨૩

## खेले होली श्रीधनश्याम










**: આશીર્વાદ :**

પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

**: સંસ્થાપક :**

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ


# સત્સંગ સેવક


વર્ષ : ૧૯, અંક : ૪, એપ્રિલ-૨૦૨૩
(કુલ પેજ ૧ થી ૨૮)

તંત્રીશ્રી : સાધુ અચ્યુતદાસજી
સહતંત્રીશ્રી : સાધુ નંદકિશોરદાસજી

મુદ્રક : પ્રવીણ પ્રિન્ટીંગ, વડોદરા

:: માલિક તથા પ્રકાશક ::
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

વાર્ષિક લવાજમ : રૂ.૪૦/-
૪ વર્ષ લવાજમ : રૂ.૧૫૦/-
૧૫ વર્ષ લવાજમ : રૂ.૫૦૦/-
પરદેશમાં ૧૫ વર્ષ લવાજમ : રૂ.૮૫૦૦/-

'સત્સંગ સેવક' દર મહિનાની પહેલી
તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશન સ્થળ તથા પત્ર વ્યવહાર
સત્સંગ સેવક કાર્યાલય
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ,
વડોદરા-૧૮, ફોન : ૦૨૬૫-૨૪૬૨૬૨૮
www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org


## અનુક્રમણિકા


3 હરિબળ
- પ.પૂ.શ્રીગુરુજી

4 પ્રભુ વિના આપણું કોઈ નથી
- પ.પૂ.શ્રીગુરુજી

6 સ્મરણનો શ્રેષ્ઠ લાભ-પ્રભુપ્રાપ્તિ
- સાધુ ઈશ્વરચરણદાસ

8 મૂર્તિ
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 મારું મૃત્યુ પણ આવું જ થાય...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 नैराश्यं परमं सुखम्...
- સાધુ અનાદિસ્વરૂપદાસ

12 ૧૦૦(ટકા)% પ્રિન્સિપલ
- સાધુ ચિત્સાગરદાસ

14 માનસી પૂજા ?
- સાધુ સંકીર્તનદાસ

16 પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...
- સાધુ પ્રસન્નવદનદાસ

17 स्वधर्मे निधनं श्रेय:
- સાધુ અન્વયસ્વરૂપદાસ

18 હૃદય સુધી પહોંચીએ...
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

20 વિસ્તારવાદ
- પ.ભ.શ્રીપંકજભાઈ ડી. પટેલ-વડોદરા

22 ઘરસભા
- પ.ભ.શ્રીદિવ્યાંગભાઈ ઠક્કર-આણંદ

23 અંતરનો અરીસો

24 બાળકિલ્લોલ

26 સત્સંગ સમાચાર

## કાવ્યકૃપા

# હરિબળ





જોર ન રાખો પોતાનું, રાખો હરિનું સદાય;
'જ્ઞાન' સ્વજોર નભતું નથી, હરિબળ કદી ન જાય...(૧)

હરિનાં બળ ને ભરોસો, એમ રાખવાં 'જ્ઞાન';
અંતે કરશે સારું મારું, ખાસ મારો ભગવાન...(૨)

મારું બગડવા નહિ જ દે, ક્યારેય 'જ્ઞાન' નાથ;
નથી બગડવા દીધું હજી, સદા રહ્યા છે સાથ...(૩)

આવો ભરોસો રાખવો, નહિ વટ કે અભિમાન;
હરિબળ તો મહાસુખ છે, સમજી રાખો 'જ્ઞાન'...(૪)

નથી કરતા વિશ્વાસુનો, વાલો વિશ્વાસઘાત;
'જ્ઞાન' વિસરી જાશો મા, તમે કદી આ વાત...(૫)

હરિ વિશ્વાસે રહેજો, આનંદમાં જ સદાય;
સંભાળી જ લેશે બધું, 'જ્ઞાન' નાથ સુખદાય...(૬)

આજ સુધી સંભાળ્યું છે, સંભાળશે જ આગળ;
'જ્ઞાન' વિશ્વાસ નાથનો, તજશો નહિ એક પળ...(૭)

**રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ**

- સંવત્ ૨૦૭૦, શ્રાવણ સુદ-દ્વિતીય બીજ
તા.૨૯/૦૭/૨૦૧૪, કુંડળધામ



કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૧૮/૦૯/૨૦૧૬ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

# પ્રભુ વિના આપણું કોઈ નથી

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

વહાલા ભક્તો ! આપણા વેદો, ઉપનિષદો અને પુરાણો આપણને સતત એવી યાદી આપે છે કે, હે આત્માઓ ! તમારું સર્વસ્વ એક અને માત્ર એક પરમાત્મા જ છે. ભગવાન સિવાય તમારું કોઈ હતું નહિ, છે નહિ અને આગળ કોઈ હશે નહીં. ભારત દેશના સંતો આપણને સતત યાદી આપે છે કે, આ મનુષ્યજન્મ ઘડી-બે ઘડી પૂરતો છે અને એ પણ સત્યને પામવા માટે છે. માટે સાવધાન થઈ સત્ય એવા પરમાત્માને જે પ્રકારે પમાય તે રીતે વર્તી ભગવાનને પામી જાવ, પામી જાવ, પામી જાવ. એમાં મોડું કરશો મા. જો અધૂરું રહી ગયું તો ફરીને પાછું જન્મ-મરણના ચક્કરમાં આવવું પડશે. ફરી ગર્ભવાસની પીડા, જન્મનું જબરું દુ:ખ, બાલ્યાવસ્થાની બબાલ, આધિ, વ્યાધિ ને ઉપાધિના તાપ, અંતે મૃત્યુની મોકાણ આ બધું સહન કરવું પડશે. માટે અત્યારથી જ સમજી-વિચારીને ભગવાનમાં હેત કરો...પ્રભુમાં પ્રીત કરો.

જો પરમાત્મા સાથે આપણે સારો સંબંધ હશે તો એ અંતકાળે આવીને ઊભા રહેશે. અને પ્રભુ તો જન્મ-મરણ, ગર્ભવાસ, લખચોરાશી, જમપુરી આદિ તમામ દુ:ખો થકી આપણી રક્ષા કરવા સમર્થ છે. સ્વામી કહે છે :-

**વળી અંતકાળે આવો છો-જીવન જાણું છું,**<br>
**રથ વે'લ વિમાન લાવો છો-જીવન જાણું છું;**<br>
**વળી ઘણેમૂલે ચઢી ઘોડે-જીવન જાણું છું,**<br>
**આવો છો સખા લઈ જોડે-જીવન જાણું છું.**

જ્યારે આપણો અંતકાળ આવશે ત્યારે મહારાજ આવીને ઊભા રહેશે. ખાટલામાં પડ્યા હોઈશું, કાં દવાખાનામાં હોઈશું, કાં ક્યાંક ભટકાણા હોઈશું તો રોડ માથે લોહીલુહાણ પડ્યા હોઈશું, એ પરિસ્થિતિમાં કોણ આપણી પાસે આવે ? આજે આપણને જોવા મળે છે, વોટ્સએપમાં ક્લીપો આવે છે કે, ગમે તે માણસ ગમે તેને ટલ્લે ચઢાવીને જતા રહે છે. પેલો માણસ પડી જાય તોય એ ભટકાડનારા ઉભાય નથી રહેતા. બીકના માર્યા ભટકાડનારા ન ઊભા રહે તે તો ઠીક પણ ઘાયલ થયેલાના માથામાંથી લોહી વહી જતું હોય, ત્યારે જે કોઈ માણસો રસ્તા પરથી નીકળે ત્યારે જાણે કાંઈ થયું જ ન હોય એ રીતે શાંતિથી આવ-જા કરતા હોય છે. ઓલ્યો લોહીલુહાણ હાલતમાં પડ્યો હોય, તોપણ જેને જીવદયા કહેવાય એ આજ જાણે મરી પરવારી હોય એમ વર્તતા હોય છે. પેલાને ઉઠાવીને કોઈ દવાખાને પણ ન લઈ જાય !


માટે વહાલા ભક્તો ! સ્વાર્થથી ભરેલા આ લોકમાં સ્વામિનારાયણ ભગવાન સિવાય આપણું કોઈ નથી. એવા સમયે તો મહારાજ આવશે. ત્યાં આપણાં મા-બાપ, છોકરાં કે સ્ત્રી કોઈ કામ નહિ લાગે, પણ પ્રભુ સાથે સારો મેળ રાખ્યો હશે તો તે આવીને ઊભા રહેશે. બીજું કોઈ નહિ આવે. ઘણી વાર તો એવા સંકટ સમયે સગાં-સંબંધીને ખબરેય ક્યાંથી હોય ? અને ખબર પડ્યા પછી કદાચ આવે તો તેનાથી થઈ પણ શું શકે ? ત્યારે તો જો આપણે ભગવાન સાથે સારો સંબંધ હોય તો તે ઉગારે.

એકવાર શ્રીજીમહારાજ ગામ સારંગપુરમાં બિરાજમાન હતા. તે સમે જીવા ખાચરે મહારાજને કહ્યું કે, 'મહારાજ ! વરસાદ વિના મોલ સુકાય છે માટે દયા કરીને વરસાદ કરો.' ત્યારે મહારાજ બોલ્યા કે, 'વરસાદ કરવો તે ક્યાં અમારા હાથમાં છે ? તે તો પરમેશ્વર કરે ત્યારે થાય.' ત્યારે વસ્તા ખાચર કહે, 'કરો તો તમારા હાથમાં છે ને, ન કરવો હોય તો તમારી મરજી.' પછી મહારાજ ઓસરીથી હેઠા ઊતર્યા ને ચોકમાં ફરવા માંડ્યા ને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એમ બોલતા જાય ને આકાશમાં જોતા જાય. ત્યાં તો આકાશમાં ખાટલા જેવડું વાદળું દેખાણું ને તે વૃદ્ધિ પામીને વરસવા માંડ્યું ને બહુ મેઘ વરસ્યો. પછી જીવા ખાચરના ઓરડાની પછીત પડી ત્યારે મહારાજ બોલ્યા જે, "ઓરડામાં નાના છોકરાનું ઘોડિયું છે તે લઈ લ્યો." પછી લીધું ત્યાં તો તરત કરો પડ્યો, ને પછી તો જીવા ખાચરનું આખું ઘર પડી ગયું. આમ વરસાદ ત્રણ દિવસ સુધી વરસ્યો તેથી મહારાજ રાજગર બ્રાહ્મણના ઘરમાં રહેવા ગયા અને સંતો ચોરામાં જઈને ઊતર્યા.

તે સમયે ત્યાં કોઈક બ્રાહ્મણનું ઘર પડ્યું ને તેની હેઠે ઢોર દબાણાં એટલે તે બ્રાહ્મણ મહારાજ પાસે દોડતો આવ્યો ને બોલ્યો કે, 'મારાં ઢોર મોભ હેઠે દબાણાં છે તે કોઈક કાઢો.' પછી મહારાજ પોતે દોડીને ગયા ને પોતાનો ખભો દઈને મોભ ઊંચો કરીને તેનાં ઢોર કઢાવ્યાં. તે વખતે મહારાજને ખભા ઉપર કાપો પડી ગયો હતો. એનાં સગાંવહાલાં બધાં અડખે-પડખે જ રહેતાં હતાં, તોપણ કોઈ ઢોર બચાવવા ન આવ્યાં.

આવા દયાળુ પરમાત્મા સાથે ખૂબ સારા સંબંધ રાખવા પણ તેમની સાથે ક્યારેય બગાડવું નહિ. આપણે ભગવાન સાથે બગાડ્યું કોને કહેવાય ? તો આપણે બીડી પીએ, દારુ પીએ, જુગાર રમીએ, ચોરી કરીએ, કુદૃષ્ટિ કરીએ, ભૂંડાઘાટ કરીએ, અનીતિનું દ્રવ્ય ઘરમાં લાવીએ, પરસ્ત્રી કે પરપુરુષ સાથે ન કરવાના ગોરખધંધા કરીએ; આવાં અનેક પ્રભુની આજ્ઞા વિરુદ્ધ કામો કરીએ એટલે પ્રભુ સાથે આપણા સંબંધો બગડે અર્થાત્ ભગવાનનો આપણા પર જે રાજીપો હોય તે કુરાજીપામાં પરિણમી જાય. ભગવાનને આપણા પર જે લાગણી હોય તે નાશ પામે અને ભગવાન આપણી પણ તેમના શરણાગત હોવા છતાં બીજા જીવની જેમ ઉપેક્ષા કરે, તેને ભગવાન સાથે બગડ્યું કહેવાય.

ઘણાં બાઈ-ભાઈ, ત્યાગી-ગૃહી ભક્તો ભગવાનની સાથે દિનપ્રતિદિન સંબંધને ઘાટા કરતાં જાય છે; તો ઘણા મૂર્ખાઈમાં અવળા સંગદોષે કાં તો વધારે પડતાં સુખ, સગવડતા, ધન-સંપત્તિના યોગને કારણે ભગવાન સાથે જે પોતાને ઘાટો સંબંધ હોય એ પણ પાતળો, પાતળો કરતાં જાય છે. માટે ભગવાન સાથે બગાડવું નહિ પણ એની સાથે ખૂબ ઘાટા સંબંધ થાય એમ જીવવું. દરેક ક્રિયામાં એ અનુસંધાન રાખવું કે આનાથી મારો ભગવાન સાથેનો સંબંધ ઘાટો થશે કે પાતળો ? આવા અનુસંધાન સાથે જીવીશું તો ક્યારેય ભગવાનના ગમતા બહાર વાણી વર્તન નહિ થાય અને ભગવાન બહુ રાજી થશે. ●●●



સ્મરણ વર્ષ
સં. ૨૦૭૯

# સ્મરણનો શ્રેષ્ઠ લાભ–પ્રભુપ્રાપ્તિ

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

શ્રીહરિનું સ્મરણ કરવાના સેંકડો લાભ છે, પણ તેનો સૌથી મોટો ફાયદો છે - પ્રભુની સાક્ષાત્ પ્રાપ્તિ. આ દુનિયાની કોઈ વસ્તુ કે વ્યક્તિ મેળવવી હોય તો તેના માટે પણ ઘણો પ્રયત્ન કરવો પડે છે. પ્રોપર પ્રયત્ન કરવાથી જ તે મળી શકે છે, પણ પ્રભુને પ્રાપ્ત કરવા તે આપણા પુરુષપ્રયત્નથી જ થઈ શકે તેવી બાબત નથી. એટલે જ પરબ્રહ્મની પ્રાપ્તિ સૌથી દુર્લભ માનવામાં આવે છે. જો પ્રભુ પોતે જ કૃપા કરી તેનો કોઈ ઉપાય બતાવે તો આપણે તેમને સુગમતાથી મેળવી શકીએ છીએ.

આપણને પ્રભુ પોતે તે ઉપાય દર્શાવે છે -

**अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः।**
**तस्याहं सुलभः पार्थ ! नित्ययुक्तस्य योगिनः।।**
**(ભગવદ્ગીતા-૮/૧૪)**

ભગવાન આપણને સામેથી સુગમતાથી મળે તેનો ઉપાય કહે છે - **यो मां स्मरति नित्यशः** જે ભક્ત મને નિયમિતપણે સંભારે છે - મારું દરરોજ સ્મરણ કરે છે **तस्याहं सुलभः** તેને હું સહેલાઈથી મળવાની કૃપા કરું છું.

જો આવડો મોટો લાભ સ્મરણ કરવાથી મળતો હોય તો કરોડ કામ બગાડીને પણ પુરુષોત્તમને પામવાનું આ કામ સૌથી પહેલાં કરી જ લેવું જોઈએ ને ! શું આપણે બધા સ્મરણનો આવો મોટો મહિમા સમજીને સતત શ્રીહરિસ્મરણ કરીએ છીએ ? સવારે જાગીએ ત્યારથી તે રાત્રે સૂઈ જઈએ ત્યાં સુધી વધુમાં વધુ ભગવાનનું નામસ્મરણ કરીએ છીએ ? કદાચ જેમાં બહુ જ ધ્યાન દેવું પડે તેવાં કામ કરવામાં શ્રીજી ઓછા સાંભરે તે તો સમજાય પણ સાવ નવરા હોવા છતાં ભગવાન ભૂલાય તે તો કેવી મોટી ભૂલ ગણાય ? માટે હવે મજબૂત મનથી આપણે પાકો ઠરાવ કરવો જોઈએ કે, **જ્યારે જેટલો સમય મળે ત્યારે તેટલું વધુ ધ્યાન-ભજન-સ્મરણ ખૂબ જ કરી લેવું છે.** મોબાઇલમાં કે બીજે ક્યાંય બિનજરુરી એક મિનિટ પણ બગાડવી નથી. જો આપણે આવી રીતે શ્રદ્ધાપૂર્વક દરરોજ શ્રીહરિનું ભજન-સ્મરણ ઉપાડી મૂકીએ તો મહારાજ રાજી-રાજી થઈ જાય અને સામેથી તેમને મળવાની કૃપા તેઓ જ કરવા લાગે છે.

**આ વાત મહારાજે પોતે આ રીતે કરી છે -**

**"ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિશે ન દેખાય તોપણ ધ્યાન કરવું; પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહીં.. એવી રીતના જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે."**
**-વચ.ગ.પ્ર.૫**

આપણે ભજન-સ્મરણનો આવો આગ્રહ કાયમ કેમ નથી રાખી શકતા ? કારણ કે, આપણને શ્રીહરિ સિવાયની બીજી ચાહના વધુ છે. બીજું કાંઈક કરવાની, જાણવા-માણવાની વાસના વધુ છે; એટલે ભગવાનને તથા ભગવાનની આજ્ઞાને ભૂલી બીજું કરવામાં મશગૂલ થઈ જઈએ છીએ. એટલે પ્રભુ પોતે પ્રભુનું સ્મરણ કરનાર ભક્ત માટે એક શરત ગીતામાં આવી બતાવે છે - **अनन्यचेताः सततम्** । મારો ભક્ત મારામાં સદા અનન્ય ચિત્તવાળો હોવો જોઈએ. જો એવી રીતે મારું સ્મરણ સતત કરે તો હું તેના માટે સુલભ થઈ જાઉં છું.

અનન્ય ચિત્તવાળો એટલે કે, જેને ભગવાન સિવાય બીજે ક્યાંય મન જાતું ન હોય એવો ભક્ત. જેને એક શ્રીહરિ સિવાય બીજું કાંઈ જ જીવનલક્ષ્ય ન હોય એવો ભક્ત. જેને એક સર્વોપરી શ્રીહરિની જ અનન્ય નિષ્ઠા હોય તેવા સંત-ભક્તને **सततम् अनन्यचेताः**

કહેવાય. જો આપણે પણ એવા સ્વામિનારાયણ ભગવાનની અનન્ય નિષ્ઠાવાળા થઈને શ્રીહરિનું સતત સ્મરણ કરીએ તો મહારાજ તરત મળે.

એકવાર રામજી જોષી ભાયાવદરવાળા (મહાપુરુષદાસજી સ્વામી)ને તેના સાથીદારે કહ્યું, "રામજી ! આજ ગામમાં ભવાયા આવ્યા છે. સારા-સારા ખેલ કરશે-વેશ કાઢશે, માટે ચાલ આપણે જોવા જઈએ." ત્યારે રામજી જોષીએ ચોખ્ખી ના પાડી. પછી સાથીદાર ભવાયાનો ખેલ(લાઇવ સીરીયલ)જોવા ગયો અને રામજી તો આંખો બંધ કરી એકાગ્રચિત્તે શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. થોડીવારમાં મહારાજે સાક્ષાત્ પ્રગટ થઈ દર્શન દીધાં. પ્રભુ કહે, "અમને જે સંભારે છે, તેની આગળ અમે સદાય ભેળા જ છીએ."

વહાલા ભક્તો ! આપણે જો એક તાન રાખી ધ્યાન-ભજન-સ્મરણ ઉપાડી મૂકીએ તો પ્રભુ જ પોતે કૃપા કરી સાક્ષાત્ દર્શન આપે છે અને સદા સાથે જ રહે છે. આવી વાત સાંભળીએ અને આટલો મોટો લાભ જાણીએ ત્યારે આપણને પણ થોડું શૂરાતન ચડે છે પણ તે કાયમ ટકતું નથી; એટલે સિદ્ધિ થાતી નથી.

આ પ્રોબ્લેમને સોલ્વ કરવા પ્રભુ ગીતામાં વળી એક શરત જણાવે છે - **नित्ययुक्तस्य योगिनः** સદા મારામાં-પ્રભુમાં જ પ્રીતિ-આસક્તિ રાખી મારી સાથે વૃત્તિથી જોડાઈ રહેનાર મારા સંત-ભક્તને હું અતિ સુલભ થઈ જાઉં છું.

મહારાજ કહે છે, જો કોઈ મારામાં જ આસક્ત રહીને મારું નામ સ્મરણ કે ધ્યાન-ભજન કર્યા કરે, મારી સાથે અખંડ જોડાયેલો રહે તો પછી હું જ મારી કાયમી પ્રાપ્તિ માટે જે જે જરૂરી છે તે બધું તેને કરી આપું છું. આનો અર્થ એ કે, એક વાર આપણે 'સર્વે ટળો પણ પ્રભુ મળો' આવો પાકો ઠરાવ કરવાની જરૂર છે. પછી એક પ્રભુની જ આશા રાખી, એકાગ્રવૃત્તિથી સતત શ્રીહરિનું સ્મરણ-ધ્યાન-ભજન ઉપાડી મૂકવાની જરૂર છે. જો આપણે બીજી બધી ઇચ્છાઓને આઘી-પાછી કરી ભજન કરવા મંડી જ પડીએ તો મહારાજ સામેથી તેને પામવાનું બધું જ પૂરું કરી આપે છે.

માણાવદરવાળા મયારામ ભટ્ટનાં માતુશ્રી એકવાર મહારાજના વિયોગમાં વિરહાતૂર થઈ ગયાં. પછી ખાવા-પીવા કે હરવા-ફરવાની બધી જ ઇચ્છાને હરામ કરી હરિભજનમાં એકતાર થઈને જોડાઈ ગયાં, તો તરત સ્વામિનારાયણ ભગવાને સાક્ષાત્ પ્રગટ થઈને દર્શન આપ્યાં.

આપણે પણ આવી રીતે ભજન-સ્મરણ ઉપાડી મૂકવાની જરૂર છે. બીજી બબાલ પડી મૂકી એક પ્રભુમાં જ પ્રેમ વધારવાની જરૂર છે. તે માટે ખૂબ કથા-કીર્તનનો યોગ રાખવાની આવશ્યકતા છે. જો આવું તાન રાખી મંડી પડીએ તો મહારાજ કૃપા કરી બાકી બધું તે પોતે પૂરું કરી આપશે. સામેથી આવીને મળી જશે. માટે ચાલો હવે સતત હરિસ્મરણ કરવાની ટેવ પાડીએ. હે મહારાજ ! મને એવું બળ આપજો કે અખંડ તમારું ભજન-સ્મરણ કરવાનું તાન વધતું જ રહે. ●●●





# મૂર્તિ

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક ગામમાં સુંદર નવું મંદિર બની રહ્યું હતું. એક માણસ પોતાના ગામમાં બની રહેલા નવા મંદિરનું નિર્માણકાર્ય જોવા ગયો હતો. એ કોઈ જાણકાર નહોતો. બસ, એમ જ જોવા ગયો હતો. ત્યાં જઈને એણે જોયું તો એક શિલ્પી ખૂબ જ એકાગ્રતાથી આરસપહાણના પથ્થરમાંથી ગરુડજીની મૂર્તિ ઘડી રહ્યો હતો. પેલા માણસને એના કામમાં રસ પડી ગયો. એ શિલ્પીની બાજુમાં બેસી ગયો. અચાનક એનું ધ્યાન બાજુમાં પડેલી બીજી એવી જ ગરુડજીની મૂર્તિ પર પડ્યું. એને નવાઈ લાગી. એણે શિલ્પીને પૂછ્યું, “આ એકસરખી બે ગરુડજીની મૂર્તિ કેમ બનાવી છે ? શું બે ગરુડસ્તંભ બનાવવાના છે ?”

“ના ! એક જ ગરુડસ્તંભ બનાવવાનો છે.” શિલ્પીએ જવાબ આપ્યો, “આવી એક જ ગરુડજીની મૂર્તિની જરૂર છે, પરંતુ પેલી બીજી મૂર્તિ છેક છેલ્લી ઘડીએ થોડુંક નુકસાન થવાથી પડતી મૂકવી પડી છે.”

પેલા માણસે ઊભા થઈને પડતી મુકાયેલી મૂર્તિને ચારે તરફથી તપાસી જોઈ. એને તો કોઈ જગ્યાએ કાંઈ પણ નુકસાન ન દેખાયું. એણે આશ્ચર્ય સાથે શિલ્પીને ફરીથી પૂછ્યું, “આ મૂર્તિમાં મને તો કોઈ જ નુકસાન દેખાતું નથી. તમને આમાં કઈ જગ્યાએ નુકસાન દેખાય છે ?”

“એના નાક પાસે એક નાનો ઘસરકો થઈ ગયો છે !” શિલ્પીએ કહ્યું.

પેલા માણસે ફરીવાર ધ્યાનથી જોયું ત્યારે એને એ નાનો ઘસરકો માંડ માંડ દેખાયો. એણે શિલ્પીને પૂછ્યું, “તમે આ મૂર્તિની સ્થાપના કઈ જગ્યાએ કરવાના છો ?”

“પેલા ત્રીસ ફૂટ ઊંચા સ્તંભ ઉપર !” સ્તંભ તરફ આંગળી ચીંધીને શિલ્પીએ જવાબ આપ્યો.

પેલા માણસના આશ્ચર્યનો પાર ન રહ્યો. એનાથી કહેવાઈ ગયું. “ભલા આદમી ! જો આ ગરુડજીની મૂર્તિની સ્થાપના એટલે બધે ત્રીસ ફૂટ ઊંચે જ કરવાની હોય તો આવી ખોટી મહેનત શું કામ ? ત્યાં વળી કોણ જાણવાનું છે કે એના નાક પાસે નાનો ઘસરકો છે ?”

શિલ્પીએ પોતાનું કામ અટકાવીને એ માણસ સામે જોયું. પછી હસીને બોલ્યો, “ભાઈ ! બીજું કોઈ એ વાત જાણે કે નહિ એ તો મને નથી ખબર, પરંતુ મારાથી જે ભૂલ થઈ છે તેને હું અને મારો ભગવાન તો આ જાણીએ છીએ ને !? મારી જાતને હું કેમ છેતરી શકું ? મારે તો મારા ભગવાનને હિસાબ આપવાનો છે.” એટલું કહી એટલી જ એકાગ્રતાથી એણે પોતાનું કામ ફરીથી શરૂ કરી દીધું..

નિ:શબ્દ બની પેલો માણસ એ શિલ્પીને જોઈ રહ્યો.

વહાલા ભક્તો ! આપણા જીવનમાં આપણે મહારાજની આજ્ઞા લોપીને કેટલી ભૂલો કરીએ છીએ ? તેમ છતાં સારા દેખાવા કપટ રાખીને આપણી જાતને કેટલી છેતરીએ છીએ ? અરે ! ભગવાનને કે આપણા મોક્ષદાતા સંતોને પણ ઉલ્લુ બનાવીને બહારથી ખૂબ જ સારો મેક-અપ કરી સત્સંગમાં પ્રભાવ પાડી દઈએ છીએ.

વહાલા ભક્તો ! આપણે હિસાબ મહારાજને આપવાનો છે. મોક્ષ મહારાજ પાસેથી મેળવવાનો છે. માટે ભગવાનને અંતર્યામી જાણી નિખાલસ, નિષ્કપટ જીવન જીવીએ તો મહારાજ રાજી થશે. ●●●

# મારું મૃત્યુ પણ આવું જ થાય...

પ્રેરક પ્રસંગ



લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ભગવાનના ખરેખરા ભક્ત સખત બીમારીને કારણે પથારીવશ હતા. છેલ્લા બે વર્ષથી તો તેઓ હાલી-ચાલી પણ શકતા નહીં. સતત ભગવાનનું સ્મરણ કરતા. તેમણે એમના ખાટલાની બાજુમાં એક ખાલી ખુરશી મુકાવી હતી અને આખો દિવસ તે ખુરશી સામું જોઈને બેસી રહે ને ઘણી વાર સુધી ખુરશી સાથે વાતો કર્યા કરે.

તેમનાં મિત્રો, સગાં-સંબંધી અવારનવાર તેમની ખબર કાઢવા આવે. એક દિવસ તેમના ખાસ અંગત મિત્ર ભક્ત તેમની ખબર કાઢવા આવ્યા. તે રૂમમાં દાખલ થયા ને જોયું તો આ બીમાર ભક્ત ખાલી ખુરશી સામે બેસીને કાંઈક બોલતા હતા. જેવા પેલા તેમના મિત્ર તે ખાલી ખુરશી પર બેસવા ગયા, તો તરત પેલા ભક્તે ત્યાં બેસવાની ના પાડી અને પોતાની બાજુમાં ખાટલા ઉપર બેસાડ્યા.

પછી ધીમે રહીને તેમણે પોતાના મિત્રને કહ્યું, "મારે તમને એક વાત કહેવી છે કે જે આજ દિવસ સુધી કોઈને કરી નથી. ત્રણ-ચાર વર્ષ પહેલા મને જ્યારે આ બીમારી લાગું પડી ત્યારે ખાટલાવશ થઈ જવાને કારણે હું સાવ હતાશ થઈ ગયો હતો. છેલ્લા બે વર્ષથી તો ખાટલા પરથી ઊઠીને બે ડગલાં ચાલી પણ ન શકાય એવી મારી પરિસ્થિતિ થઈ ગઈ હતી. મને મુંઝારો બહુ થતો ને ક્યારેક તો મરવાના વિચારો પણ આવતા. એ વખતે એક સંતે મને હિંમત આપીને કહેલું કે મુંઝાશો નહિ, ભગવાન તમારી સાથે છે. ભગવાનનું સ્મરણ કર્યા કરો. અને વળી એમ પણ કહ્યું હતું કે, 'તમારી સામે એક ખાલી ખુરશી રાખવાની, તેના પર ભગવાન બેઠા છે એમ ધારી ભગવાન સાથે વાતો કરવાની.' એટલે જ્યારે ઊંઘ ન આવે ત્યારે આ ખુરશી પર ભગવાન બેઠા છે એમ ધારી હું વાતો કરતો રહું છું. તમે કદાચ નહિ માનો, એમ કહેતાં તેઓ અટકી ગયા એની આંખો આંસુથી ભરાઈ આવી. થોડી વાર મૌન રહ્યા ને કહ્યું, "તમે કદાચ નહિ માનો, પણ છેલ્લા કેટલાય દિવસથી હું આ ખાલી ખુરશી સાથે વાતો નથી કરતો."

"તો ?" તેમના મિત્રે પૂછ્યું.

"ભગવાન સાથે વાતો કરું છું." ગળગળા અવાજે તે બોલ્યા, "ખુદ ભગવાન આ ખુરશી પર આવીને બેસે છે, મારી સાથે વાતો કરે છે, આ તો તમે આવ્યા એટલે બોલતા નથી, ચૂપચાપ બેઠા છે."

પેલા ભક્તે ખુરશી સામે જોયું તો ખાલી ખુરશી સિવાય બીજુ કાંઈ દેખાયું નહિ, પરંતુ તેમની શ્રદ્ધા-ભાવના એમને હચમચાવી ગઈ. ભગવાનની આટલા નજીક પહોંચેલા પોતાના મિત્રને મનોમન વંદન કરવા લાગ્યા. પછી તેઓ ઘડીક વાતો કરી પાછા ફર્યા.

બે દિવસ પછી તે બીમાર ભક્તના દીકરાનો એમના પર ફોન આવ્યો કે તેમના પિતા આજે સાંજે ભગવાનના ધામમાં ગયા છે. તેમણે વધુ જણાવતાં કહ્યું કે, "છેલ્લા બે વર્ષથી તો મારા પિતા હાલી-ચાલી પણ શકતા નહિ પણ જ્યારે તેઓ ધામમાં ગયા ત્યારે જમીન પર બેઠા હતા અને એમનું માથું એમના ખાટલાની બાજુમાં પડેલી ખુરશી પર હતું."

એમના મિત્ર આ વાત સાંભળીને ઊંડા ઊતરી ગયા. એમની આંખોમાં આંસુ આવી ગયાં. ફોન મૂકતાં મનોમન બોલી ઊઠ્યા, "હે ભગવાન ! મારું મૃત્યુ પણ આવું જ થાય."

વહાલા ભક્તો ! પૂ.ગુરુજીએ પણ આપણને ઘણી વાર કહ્યું છે કે, "દરેક ક્રિયામાં ભગવાન સાથે વાતો કર્યા કરવી." પેલા ભક્તે સંતના વચનમાં વિશ્વાસ રાખ્યો તો ભગવાન સાક્ષાત્ તેની સાથે વાતો કરતા, એમ આપણે પણ સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખી એવો અભ્યાસ કરશું તો આપણને પણ ભગવાનની સતત હાજરી અનુભવાશે.●●●

# नैराश्यं परमं सुखम्...

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ   ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

શ્રીજીમહારાજના કણબી ભક્ત દેવરાજભાઈ ગામ બાબાપર વાંકિયામાં રહેતા હતા. એકવાર શ્રીજીમહારાજે તેમને દર્શન આપીને કહ્યું જે, “આજથી એક મહિને તમને તેડવા આવશું.” તે સાંભળીને તે ઘણા જ રાજી થયા, પણ સંપૂર્ણ નિર્વાસનિક ન થયા હોવાથી બે દિવસ બાદ એવો ખેદ કરવા લાગ્યા કે, "અરેરે ! આ બધું મેલીને મારે જવું પડશે ?’ પછી ન ખાય કે ન પીએ !

પછી તેઓ પોતાનાં માતા-પિતા તથા સ્ત્રીને સાથે લઈને આંબા ગામમાં રહેતા શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત દેવશીભાઈ પાસે આવ્યા. આ દેવશીભાઈએ શ્રીહરિનાં ધ્યાન-ભજને કરીને એવી ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી હતી કે, શ્રીજીમહારાજ તેમના ગામની આસપાસના ગામના કોઈક ભક્તને ધામમાં લઈ જવાના હોય તો આ દેવશીભાઈને અગાઉ દર્શન આપી જણાવતા કે તેઓ ફલાણા ભક્તને અમુક દિવસે તેડી જશે. તેઓ સત્સંગીઓનું આધ્યાત્મિક પોષણ ખૂબ જ કરતા હતા.

દેવરાજભાઈએ તેમની આગળ પોતાની મૂંઝવણ રજૂ કરી ત્યારે તેઓ કહે, “બહુ સારું, તમારે સાટે જો તમારા પિતા ધામમાં જાય તો મહારાજ તમને ન લઈ જાય.” પછી દેવરાજભાઈએ પિતાને પૂછ્યું, ત્યારે તે બોલ્યા જે, “મારે ને તારે શું લેવા દેવા છે ? તું તો પરણીને તરત નોંખો થયો છે અને વળી કોઈ કોઈને સાટે જાય ? એ તો માથે પડી તે ભોગવે !”

પછી દેવશીભાઈ પાસે જઈને તે વાત કરી ત્યારે તેમણે કહ્યું જે, “તમારી મા જો જાય તો તમને મહારાજ ન લઈ જાય.” પછી તેમણે માને પૂછ્યું, ત્યારે તેમની મા બોલી જે, “ગાંડો થયો કે શું ? હવે હું એક સાડલો ફાડીશ, તે સારુ મારું મોત બગાડું ?”

દેવશીભાઈને તે વાત જણાવી ત્યારે તેમણે કહ્યું, “તમારા ઘરવાળા અર્ધાંગના કહેવાય, જો તે જાય તો મહારાજ તમને ન લઈ જાય.” પછી ઘરવાળાને કહ્યું જે, “તું મારા સાટે ધામમાં જા, તો હું બીજું ઘરવાળું કરીશ અને છોકરાં સાચવીશ.” ત્યારે તે બાઈ બોલી જે, “મૂઆં તમારાં છોકરાં. હું તો તમારા તેરમા સુધી જ રહેવાની છું. પછી હું તો તમારે ઘેર જ રહેવાની નથી.”

પછી તે નિરાશ થઈને દેવશીભાઈ પાસે આવ્યા, ત્યારે તેમણે કહ્યું જે, “તપાસો, આમાં તમારું કોઈ છે ?” પછી દેવશીભાઈએ તેમને કહ્યું જે, “ગઢપુર જઈને રસોઈ દેજો એટલે મહારાજ તમને તેડવા નહિ આવે.”

વહાલા ભક્તો, આપણે આપણાં સગાંસંબંધી, મિત્રો, પાડોશી વગેરેને આપણા માનીએ છીએ અને એમના પ્રત્યે આપણે આશા રાખીએ છીએ કે આપણને મુશ્કેલીમાં મદદ કરશે, આપણાં સુખ-દુ:ખમાં ભાગ લેશે; પરંતુ **વહાલા ભક્તો, સાચા સંતો-ભક્તો સિવાય કોઈ આપણને ખરા સમયે મદદ નથી કરી શકતા, પછી તે આપણાં સગાં, સંબંધી કે મિત્રો હોય કે ન હોય. કારણ કે તેઓ પોતે લૌકિક સુખે સુખી રહેતા હોય છે, આથી તેમને આપણામાં સ્વાર્થનું હેત હોય છે.**

વળી, આપણને સગાંસંબંધીઓ સિવાય બીજી પણ ઘણાં દૈહિક, સાંસારિક, ભૌતિક સુખોની આશા હોય છે, પરંતુ તે બધી આશાઓ આ લોકમાં કોઈની હંમેશાં પૂરી થતી નથી. કારણ કે આખરે તે બધું **માયિક હોવાથી ક્ષણભંગુર, નાશવંત, વિકારી અને તેથી દુ:ખદાયી જ છે. માટે તેમની આશા તો દુ:ખનું જ કારણ બને છે.**

વિદેહનગરીમાં રહેતી પિંગલા નામની વેશ્યાને એક દિવસ વિચાર આવ્યો કે, **મારો પરમ પ્રિયતમ શાશ્વતરૂપે મારી પાસે જ છે, તે પરમાનંદસ્વરૂપ છે, સુખપ્રદાન કરવાવાળો પણ છે તથા લક્ષ્મીનો પતિ હોવાથી સંપત્તિ આપવાવાળો પણ છે.** તેમને છોડીને દુ:ખ, ભય, આધિ-વ્યાધિ, શોક ને મોહ ઉપજાવનારા લોકોનું મેં સેવન કર્યું; તેથી હું મૂર્ખ છું. આમ હૃદયમાં વૈરાગ્ય ઉદય થવાથી તે પિંગલા ધનવાનોને મળવાની આશાનો ત્યાગ કરીને સુખેથી પોતાની શય્યા પર જઈ

સૂઈ ગઈ. તેથી જ ભગવાન વ્યાસે શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તે વાત કરતાં કહ્યું કે,

**आशा हि परमं दुखं नैराश्यं परमं सुखम्।**
**यथा सञ्छिद्य कान्ताशां सुखं सुष्वाप पिङ्गला।।**
**(भाग.११/८/४४)**

પિંગળા નામની વેશ્યાને જ્યાં સુધી દ્રવ્યની આશા હતી, ત્યાં સુધી તે જાર પુરુષની રાહમાં દુ:ખી થતી હતી; પરંતુ જ્યારે તેણે તે આશા સંપૂર્ણ છોડી દીધી, ત્યારે તે તરત સુખી થઈ ગઈ. તેમ જે ભગવાન સિવાયની તમામ આશાઓ છોડી દે છે, તે સંપૂર્ણ સુખી થઈ જાય છે. કેમ જે, **આશા જ પરમ દુ:ખનું કારણ છે અને નિરાશા તે પરમ સુખનું કારણ છે.** આશારૂપી દોરડાંઓથી લોકો કેવા દુ:ખી થાય છે, તે સમજાવતાં શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે,

**आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः।**
**ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान्।।**
**(गीता.१६/१२)**

**ધનાદિક પદાર્થો તથા પંચવિષયોને પામવાની આશારૂપી દોરડાંઓથી બંધાયેલા લોકો તે માટે ભીખ માગતાં અહીંતહીં ભટક્યા કરે છે.** કામ અને ક્રોધ જ તેમને જીવવાનો પરમ આધાર બની જાય છે. અર્થાત્ તે લોકો સતત કામ અને ક્રોધથી અવરાયેલા રહે છે. વળી, તેઓ વિષયભોગની ઇચ્છાઓ પૂરી કરવા માટે ચોરી વગેરે અધર્મ માર્ગે કરીને ધન ભેગું કરે છે.

આવાં દુ:ખદાયી આશારૂપ પાશોથી છૂટવાનો ઉપાય બતાવતાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનજીને કહે છે કે,

**मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा।**
**निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः।।**
**(गीता.३/३०)**

**"હે અર્જુન ! તું અધ્યાત્મજ્ઞાન વડે તારાં સર્વે કર્મોને પ્રગટ પ્રભુ એવા મને અર્પી દઈને આશારહિત, મમત્વરહિત અને તાવની જેમ તને સંતાપ કરનાર શોકથી રહિત થઈ જા અને પછી યુદ્ધ કર."**


વેદરસમાં શ્રીજીમહારાજ કહે છે કે, **"આ લોકની વિવિધ આશાઓરૂપી ફાંસીએ કરીને બંધાણો થકો મુમુક્ષુ સ્વર્ગ, નરકાદિકને વિષે ભમે છે. અને જ્યારે એ ભગવાનની કૃપાએ કરીને જ્ઞાન-વૈરાગ્યરૂપ પાંખોને પામે છે, ત્યારે તૃષ્ણાની જાળને તોડીને ચિદાકાશને વિષે ઊડે છે.**

જેમણે જગત્ સંબંધી તમામ આશાઓ છોડી દીધી હતી, તેવા સદ્.બ્રહ્માનંદ સ્વામીએ નિજ અનુભવ કહ્યો છે કે,

**રે સગપણ હરિવરનું સાચું,બીજું સર્વે ક્ષણભંગુર કાચું,**
**રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી,**
**છે વરવા જેવા એક વનમાળી...રે સગપણ**

માટે વહાલા ભક્તો, જ્યારે હૃદયમાં જગત્ સંબંધી આશાનો ઉદય થાય કે તે આશા પૂરી ન થાય ત્યારે પોતે પોતાને ઉપદેશ આપતાં કહેવું કે,

**आशा हि परमं दुखं नैराश्यं परमं सुखम् ।** ●●●






આધ્યાત્મિક વિજ્ઞાન

# ૧૦૦(ટકા)% પ્રિન્સિપલ


લેખક : સાધુ ચિત્‌સાગરદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

અમેરિકામાં જ્યોર્જીયા સ્ટેટમાં પ્રસિદ્ધ સાયનોવસ બેંક આવેલ છે. તેણે ૧૯૮૮ થી ૧૯૯૮ આ દશ વર્ષમાં પ્રોફીટમાં ૧૫૦૦૦% નો વધારો કર્યો હતો. આ જોઈને જ્હોન ઈઝો નામના મોટીવેટરે આ સફળતા વિશે CEOને પૂછતાં તેણે કહ્યું "પાવર ઓફ લવ" અને તેમના કર્મચારીઓનું પણ એવું કહેવું હતું કે તેઓ ગ્રાહકોને પ્રેમ કરે છે એટલે કે દરેક ગ્રાહક પ્રત્યે ૧૦૦% જવાબદારી લે છે અને ૦(ઝીરો)% બહાનાં બતાવે છે. વળી, તે બેંકની દિવાલ પર પણ ૧૦૦% લખેલું હોય છે. એટલે કે કોઈ પણ ગ્રાહકની ૧૦૦% જવાબદારી લઈને કામ કરી આપવું અને તેમાં કોઈ પણ બહાનાં ન કરવાં. આ નિયમને કારણે હજારો નવા ગ્રાહકો તેમની સાથે જોડાય છે અને તેમની સર્વિસથી ખૂબ સંતોષ પામે છે.

**(૧) ૧૦૦% પ્રિન્સિપલ એટલે ૧૦૦% જવાબદારી લઈ કાર્ય કરવું અને તેમાં ૦% બહાનાં કે ફરિયાદ કરવી.**

**જ્યારે પણ સેવા કે સત્સંગનું કામ મળે એટલે તરત તેનો મહિમા વિચારીને નક્કી કરવું કે, મારે ગાફલાઈ વગર ૧૦૦% જવાબદારીપૂર્વક મહેનત કરીને મોટાને ઓછામાં ઓછી ૦% ચિંતા થાય તેમ સુખરૂપ થવાના ભાવથી માત્ર તેમને રાજી કરવા માટે સેવા કરવી છે.**

આપણે ૦% બહાનાં કે ફરિયાદ વગર ભાવથી સેવા કરી આપીએ તો જેમ બેંકને પ્રોફીટ થયો તેમ આપણને પણ અનેકગણો રાજીપો મળે અને સ્વભાવ, વાસના, બંધનો, કમ્ફર્ટઝોન ક્યાંય તૂટીને જતાં રહે તેની ખબર પણ ન પડે. **કારણ કે, જ્યારે આપણે ઋણભાવપૂર્વક ઘરધણી બનીને માત્ર સુખરૂપ થવાના ભાવથી કોઈ સેવામાં મહત્તમ પ્રયત્ન આપીએ અને સામે કોઈ પણ અપેક્ષા કે બહાનાં ન બતાવીએ ત્યારે ભગવાન અને મોટાનો અઢળક રાજીપો થાય છે.**




તેની સામે જો આપણે **કોઈ પણ ફળની અપેક્ષા રાખીને સેવા કરીશું તો મળેલો રાજીપો તે ફળ લેવામાં વપરાઈ જાય અને આપણે ફરી હતા ત્યાં ને ત્યાં..!** કારણ કે, ૧૦૦% નિ:સ્વાર્થભાવે કરેલી સેવા જ ૧૦૦% સંતોષ અને સુખ આપે છે.

આ તો હતી બેંક-ગ્રાહક સાથેના સંબંધની વાત; પરંતુ આપણે સત્સંગમાં પણ એકબીજા સાથે આધ્યાત્મિક સંબંધે જોડાયેલા છીએ. આ દિવ્ય સંબંધને મજબૂત, સુખમય અને ટકાઉ બનાવવાનો પાયો છે, ૧૦૦% પ્રિન્સિપલ.

**(૨) ૧૦૦% પ્રિન્સિપલ એટલે ૧૦૦% નિ:સ્વાર્થભાવ-સમર્પણભાવ અને ૦% સ્વાર્થ.**

એક અંધ યુવાન સ્ત્રી અત્યંત તિરસ્કારથી ખૂબ દુ:ખી હતી. એકમાત્ર તેનો ફ્રેન્ડ તેને નિ:સ્વાર્થભાવથી મદદ કરતો હતો. તે સ્ત્રી કાયમ તેને કહેતી કે, "જો કદાચ હું દુનિયા દેખતી થાવને તો તારી સાથે લગ્ન કરીશ." એક દિવસ કોઈકે તેને આંખો ડોનેટ કરી. પરિણામે તે સ્ત્રી તેના ફ્રેન્ડ સહિત દુનિયાને દેખતી થઈ. ત્યારે તેના ફ્રેન્ડે તેને કહ્યું, 'હવે તું દેખતી થઈ, માટે મારી સાથે પરણીશ ને ?' આ સાંભળી તે સ્ત્રી આંચકો ખાઈ ગઈ. કારણ કે, તેણે જોયું તો તેનો ફ્રેન્ડ આંધળો હતો. તેણે તેના ફ્રેન્ડને તિરસ્કાર કરી કાઢી મૂક્યો. જતાં જતાં તેના ફ્રેન્ડે એટલું કહ્યું કે, 'મારી બેસ્ટ ફ્રેન્ડ ! મારી બંને આંખોની સારી રીતે સંભાળ રાખજે.'

સ્વાર્થી દુનિયા માટે લોકો આટલું સમર્પણ કરતા હોય, તો નિ:સ્વાર્થ અને દિવ્ય સંતો-ભક્તો માટે આપણે નિરપેક્ષ પ્રેમ ન કરી શકીએ ? આપણી સાથે રહેલા સંતો-ભક્તો છે તેના માટે વિના સ્વાર્થે ૧૦૦% તેના ઉપયોગમાં આવી જઈએ તો તે સંબંધની મીઠાશ કાંઈક જુદી જ હોય છે. સત્સંગમાં પણ પોતાનો ફાયદો જોયા વગર સંતો-ભક્તોના અર્થે જે ઘસાય તેની ઉપર મહારાજ અઢળક રાજી થતા હોય છે. તેમનો આનંદ અને સુખ આપણે તેમના જીવન પરથી જોઈ શકીએ છીએ, પરંતુ જ્યાં થોડો પણ સ્વાર્થ, અપેક્ષા કે કપટ હોય ત્યાં આગળ જતાં દુ:ખ અને અસંતોષ આવે જ છે.

**(૩) ૧૦૦% પ્રિન્સિપલ એટલે ૧૦૦% નિષ્કપટપણે સંતો-ભક્તો સાથે જોડાણ.**

વિદેશમાં ૫-૭ વર્ષની ઉંમરના એક છોકરો અને છોકરી મિત્ર સાથે રમી રહ્યાં હતાં. તેમાં છોકરી પાસે ચોકલેટનો ડબ્બો હતો અને છોકરા પાસે રંગીન પથ્થરનો. છોકરીએ બધી ચોકલેટના બદલામાં છોકરાને બધા પથ્થર આપવાનું કહ્યું. બંનેએ કબૂલ કર્યું, પરંતુ છોકરાએ સ્વાર્થને લીધે ખાનગીમાં થોડા પથ્થર ખિસ્સામાં મૂકી દીધા અને બાકીના છોકરીને આપ્યા. છોકરીએ તો ૧૦૦% સંપૂર્ણ ચોકલેટનું સમર્પણ કર્યું પણ છોકરાએ થોડો સ્વાર્થ રાખ્યો, કપટ કર્યું. તેથી જ્યારે બંને પોતાના ઘેર જઈ રાત્રે સૂતા ત્યારે છોકરી તો ઘસઘસાટ ઊંઘી ગઈ, પરંતુ છોકરાને કપટને લીધે ઊંઘ ન આવી ને ખૂબ પસ્તાવો થયો અને બીજે દિવસ પણ તેને તે વાતનો ઉદ્વેગ રહ્યો. આમ આપણે સત્સંગમાં સંતો-ભક્તો સાથે ૧૦૦% નિષ્કપટપણે રહીએ છીએ ? કે થોડો ઘણો સ્વાર્થ-કપટ રાખીને જીવીએ છીએ ? તે વિચારવા જેવું છે.




મોટા ભાગે આપણે સંબંધને ૫૦/૫૦ ટકા માનીએ છીએ. જેમાં બંને વ્યક્તિની ૫૦% જવાબદારી ગણીએ, પરંતુ તેમાં આગળ જતા અપેક્ષા, અસંતોષ, દોષારોપણ જ વધતું હોય છે. જ્યારે આધ્યાત્મિક માર્ગમાં તો ૧૦૦% આપણે નિ:સ્વાર્થભાવે સામેનાને કેમ સુખરૂપ થઈએ ? તે જ વિચારવાનું છે. બદલામાં કોઈ પ્રકારનો સ્વાર્થ રાખવાનો છે જ નહીં.


આ માટે નીચેના સ્ટેપ ફોલો કરી શકાય :-

**સ્ટેપ-૧** સંબંધને વધુ મજબૂત બનાવવા હું શું-શું કરી શકું ? તે નક્કી કરી સામેની વ્યક્તિ પ્રત્યે વારંવાર આદર, પ્રેમ દર્શાવો. રીટર્નમાં કોઈ પણ આશા ન રાખવી. ૧૦૦% ફરજ અને ૦% ફરિયાદ.

**સ્ટેપ-૨** સામેની વ્યક્તિનો સ્વભાવ સહિત સ્વીકાર કરવો. જેમ માતા-પિતા સંતાનોનો સ્વીકાર કરે છે તે રીતે. ૦% અપેક્ષા અને ૧૦૦% સ્વીકાર.

**સ્ટેપ-૩** તે વ્યક્તિ મારા માટે શું કરે છે ? તેના આધારે તમારો વ્યવહાર બદલશો નહિ, હું તેના માટે કેટલું કરું છું ? હું તેને નિખાલસપણે સોંપાયો છું કે નહિ ? તેમ જ વિચારવું.

**સ્ટેપ-૪** થોડા દિવસમાં થાકી ન જશો. મંડ્યા રહો, ભગવાન બધું જુએ છે, તે જરૂર કૃપા કરશે અને સંબંધમાં ધારી ન હોય તેવી આત્મીયતા થશે.




વહાલા ભક્તો ! આજથી જ નક્કી કરીએ કે બુદ્ધિને તાળું મારીને ભગવાનનો સંબંધ જોવો છે અને કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખ્યા વગર તેમના પ્રત્યે ૧૦૦% સંપૂર્ણ સમર્પણભાવ રાખી તેમને રાજી કરવાના સતત પ્રયત્નો કરવા છે.

જો આપણે આ ૧૦૦% પ્રિન્સિપલ જીવનમાં ઉતારી દઈશું તો આપણું માન-અહં ઓગળશે, સંતો-ભક્તોનો વિશ્વાસ જીતાશે, ખોટા સંકલ્પોનો મૂંઝારો કે ધોખો ટળી જશે ને ઉલ્ટાનો ઋણીભાવ થશે. આ રીતે સામેનાના સુખાર્થે બધું કરીશું તો અંતે ૧૦૦% માંથી ૧૦૦/૧૦૦ માં પરિવર્તિત થશે તેની ખબર પણ નહિ રહે. એટલે કે જેટલું આપશું તેટલું બધું સામેથી મળવા માંડશે. આપણું જીવન જોઈને બધાને આનંદ થશે, તેમના અંતરનો રાજીપો આપોઆપ મળ્યા કરશે. વળી, આ નિયમથી ઓટોમેટિક સંતો-ભક્તોના મહિમાપૂર્વકનું દાસત્વ કેળવાશે. પૂ.ગુરુજીએ આપેલા સ્મરણ વર્ષના અભ્યાસમાં પણ ખૂબ ઉપયોગી નીવડશે. ●●●

શા માટે?

# માનસી પૂજા ?

લેખક : સાધુ સંકીર્તનદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો, શિક્ષાપત્રીમાં ભગવાન સ્વામિનારાયણે આપણને સૌને માનસી પૂજાની આજ્ઞા આપતાં કહ્યું, "સર્વે જે અમારા સત્સંગી તેમણે મને કરીને કલ્પ્યાં જે ચંદન-પુષ્પાદિક ઉપચાર તેણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી." પણ ખેદ સાથે એ વાત સ્વીકારવી રહી કે, આપણે માનસી પૂજામાં પૂરતો સમય આપી શકતા નથી; પરંતુ સાવ સામાન્ય લાગતી આ પ્રક્રિયાથી કેવા મોટા મોટા ફાયદાઓ સહજ થાય છે એ જો સમજાઈ જાય તો આ આજ્ઞા પાછળનો વહાલા મહારાજનો હેતુ આપોઆપ જ સમજાઈ જશે અને માનસી કરવામાં કંટાળો તો નહિ, પરંતુ આનંદ આવશે.

**ફાયદો-૧ :** આપણે માનીએ છીએ કે માનસી પૂજાથી ફક્ત આધ્યાત્મિક પ્રગતિ જ થાય છે, પરંતુ વૈજ્ઞાનિક સંશોધનો કહે છે કે વધુ પ્રોડક્ટિવિટી માટે દિવસ દરમિયાન અમુક સમયે માઇન્ડને બ્રેક આપવો ખૂબ જરૂરી છે. અને એટલે જ મોટી કંપનીઓમાં પણ અમુક કલાકે બ્રેકની સિસ્ટમ ફરજિયાત હોય છે. વળી સ્કૂલોમાં પણ ૬ કલાકમાં ૩ બ્રેક આપવામાં આવે છે. ઘણાને પ્રશ્ન હોય કે ટાઈમના અભાવે માનસી નથી થતી પણ આ વાત ૧૦૦% સાચી નથી. હકીકતે બગડતો સમય બચાવી, ઓછા ટાઇમમાં વધુ આઉટપુટ કરાવી આપે એવું કોઈ MIND FRESHNER હોય તો એ છે માનસી પૂજા.

**ફાયદો-૨ :** ઘણા વિદ્યાર્થીઓ કહે છે કે, મારે ભણવાનો લોડ હોવાથી માનસીનો સમય રહેતો નથી અને વળી એ જ ફરિયાદ કરે કે ભણવામાં મન એકાગ્ર થતું નથી; પણ સમય કાઢી જો માનસી પૂજા કરી લઈએ તો માઇન્ડ ફ્રેશ થતાની સાથે ભણતર પણ ભાર વિનાનું બને અને એકાગ્રતા પણ વધે અને વળી મહારાજની આજ્ઞા પાળવાથી રાજીપો મળતાં ઓછા પ્રયાસે સારું રિઝલ્ટ પણ પ્રાપ્ત થાય.



**ફાયદો-૩ :** વળી, હેલ્થ માટે ઉત્તમ દવાનું કામ પણ માનસી પૂજા કરે છે. બંને ટાઇમ જમતાં પહેલાં મહારાજને માનસીમાં જમાડવાથી શરીરના પાચનતંત્રને લગતાં તમામ અંગો એક્ટીવ થતાં પાચનમાં ખૂબ ફાયદો થાય છે. અને રાત્રે સૂતાં પહેલાની માનસીમાં મનને મહારાજમાં જોડવાથી મન એકાગ્ર થતાં ઊંઘની ક્વોલિટી ખૂબ જ સારી થાય છે. પરિણામે સવારે ઊઠતાં જ સ્ફૂર્તિ અનુભવાય છે. આમ દિવસ દરમ્યાન કરેલી પાંચેય માનસી પૂજાથી શારીરિક ફાયદાઓ પણ એટલા જ થાય છે.



**ફાયદો-૪ :** કહેવાય છે કે ટેક્નોલોજીના માધ્યમે વિશ્વ કોમ્પેક્ટ થઈ રહ્યું છે અને કનેક્ટ થઈ રહ્યું છે, પરંતુ એ પણ હકીકત છે કે દરેક માણસ પેક થઈ રહ્યો છે અને અન્ય સાથે તેનો કોન્ટેક કટ થઈ રહ્યો છે. અને આ એકલતાના પરિણામે જ કોઈ સાથે દિલ ખોલીને વિચારોની આપ-લે ન થવાથી ડિપ્રેશનનો દર પણ આજે વધી રહ્યો છે; ત્યારે જેની સાથે આપણે આપણા દિલની A to Z વાતો છૂટથી share કરી શકીએ તેવા આપણા પરમ સ્નેહી મહારાજને પાંચ માનસીમાં પ્રેમથી મળીને દિલની વાતો કરીશું તો ડિપ્રેશનથી તો બચીશું જ ! તે ઉપરાંત સદા સુખ સ્વરૂપ એવા પરમાત્માનો કોન્ટેક્ટ થતાં જગતના હર્ષ-શોક અને રાગ-દ્વેષથી રહિત થઈ સહજ આનંદમાં પણ રહી શકીશું...!

**ફાયદો-૫ :** વળી માનસી પૂજા એટલે અંતઃકરણનો X-Ray. જેમ X-Ray હાડકું વાંકું-ચૂકું હોય કે તૂટેલું હોય તે બતાવે છે, તેમ આપણી માનસી પણ આપણું જીવન અને આપણું તાન વાંકું-ચૂકું છે કે બરાબર છે તે સ્પષ્ટ બતાવી દે છે.

**ફાયદો-૬ :** શિક્ષાપત્રી શ્લોક-૫૩ મુજબ પાંચ વખત માનસી પૂજાની આજ્ઞા જો કોઈ ભક્ત દૃઢતાપૂર્વક ટેક રાખીને પાળે તો શ્રીહરિ સદાય તેની સહાય કરે છે. રાજકોટના માવજીભાઈ મિસ્ત્રી ધંધાર્થે કરાંચીથી વહાણમાં બેસીને જતા હતા. વચ્ચે એક વિરામસ્થાન પર સવારની નિત્યપૂજામાં માવજીભગત માનસી પૂજા કરી રહ્યા હતા, અને વહાણચાલકે સમય થતાં વહાણ ઉપાડ્યું. તેનો માવજીભગતને ખ્યાલ પણ આવ્યો છતાં તેમણે માનસી પૂજા અધૂરી ન મૂકી. ત્યારબાદ તેઓ જ્યારે તપની માળા કરવા માટે ઊભા થયા ત્યારે તેમના ઊંચા હાથ જોઈ વહાણચાલકમાં રહી અંતર્યામી પ્રભુ વહાણને પાછું કિનારે લાવ્યા અને માવજીભગત આરામથી પૂજા પતાવી વહાણમાં બેઠા. આમ આજ્ઞા સમજી જે ભક્ત સમયસર માનસી પૂજા ન મૂકે, તેને મદદ કરવાનું મહારાજ પણ કદી ન ચૂકે.

**ફાયદો-૭ :** ભગવદ્‌પ્રાપ્તિના લક્ષ્યવાળા હરેક મુમુક્ષોને અખંડવૃત્તિ સિદ્ધ કરવાની ઇચ્છા તો હોય પણ ઉપાસનાના તે ચરમ શિખર સુધી પહોંચવાનું પહેલું પગથિયું છે માનસી પૂજા. વચનામૃત ગઢડા અંત્યના ૨૩માં અલગ અલગ ઋતુમાં માનસી પૂજાની રીત શીખવાડી તેનો હેતુ સ્પષ્ટ કરતાં મહારાજે કહ્યું કે, "એવી રીતે ત્રણેય ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિશે હેતની વૃદ્ધિ થાય છે ને તેના જીવને બહુ સમાસ થાય છે માટે નિત્યે આવી રીતે માનસી પૂજા કરજો. ને આવી વાત અમે કોઈ દિવસ કરી નથી."

વહાલા ભક્તો, સ્વયં પ્રભુએ પોતાના સ્વરૂપમાં હેત વધારવાનો ઉપાય બતાવી, કૃપા કરીને જે આજ્ઞા આપણને આપી છે તેનો મહિમા સમજીને જો સમય સમય પ્રમાણે, પોતાના અંગમાં રહીને, ગદ્‌ગદભાવ સાથે મહારાજની માનસી પૂજા કરીશું તો ચોક્કસ મહારાજના વચન પ્રમાણે દિવસે દિવસે મહારાજમાં હેત વધતું જ જશે. અને ધીમેધીમે એક માનસીથી બીજી માનસી વચ્ચે ભગવદ્‌સ્મૃતિની માત્રા વધતાં વધતાં અખંડ સ્મરણ સુધી સહેલાઈથી પહોંચી શકાશે. ●●●

सत्संगनी दिव्यता

# પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

સત્સંગનો પ્રતાપ તો જુઓ, નહિ તો આજ હળાહળ કળિયુગમાં દ્રવ્ય મળે ને કોની મતિ ફરે નહિ ? પણ આ તો સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ. તે અમરેલીમાં ખોડાભગત હતા. તેમની નાની દીકરી નદીએ કપડાં ધોવા ગઈ, ત્યાં એક શાહુકારની સ્ત્રી કપડાં ધોઈને ગયેલી. તેનું સાતસો રૂપિયાનું ઘરેણું પડી રહેલું. તે ખોડાભગતની દીકરીએ જોયું તે લૂગડાંમાં સંતાડીને ઘરે લાવી ને પોતાના પિતાને કહ્યું, "મને નદીએથી જડ્યું."

ત્યારે ખોડાભગત કહે, "અરે ! દીકરી આપણે સત્સંગીએ કોઈની પડી વસ્તુ ન લેવાય." પછી ખોડાભગતે ઘરેણું લાકડીમાં પરોવીને માણેકચોકમાં આવીને જાહેર કર્યું કે, "અમે સત્સંગી, તે કોઈની પડી વસ્તુ લેતા નથી, પરંતુ આ મારી દીકરી નાની ને અણસમજુ તેથી નદીએ કોઈનું ઘરેણું પડ્યું રહેલ તેને હાથ આવ્યું તે લાવી છે. માટે જેનું હોય તે લઈ જાય." પછી સરકારી માણસોએ શહેરમાં ઢંઢેરો પીટાવ્યો. પછી શાહુકારની સ્ત્રીએ કહ્યું કે, "મારું છે." પછી તેમણે નિશાની આપી ને પાછું આપ્યું; આવો સત્સંગનો પ્રતાપ છે. તે સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે, "પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...અક્ષર"

માણાવદરમાં રાજા મુસલમાન હતો, પણ તે સત્સંગીનો ગુણ એમ જાણે જે સત્સંગી ચોરી કરે નહીં. તેથી તે સત્સંગીના વાડે ને ખળે હવાલદારને મોકલે નહિ. કેમ જે, લોકને ખોટું ખર્ચ ન કરાવવું. પછી વેપારી કહે, "મુસલમાન ખરા ને આંધળું રાજ્ય, કદાચ મોટા ચોરી ન કરે પણ છોકરાં ચોર્યા વિના રહે નહીં."

તે સત્સંગીનાં છોકરાંની પરીક્ષા લેવા સારુ બજારમાં અગાઉથી વેપારી દોકડા નાખી દે ને સત્સંગીનાં છોકરાં નીકળે તે દોકડા સામી નજર પણ ન કરે. ત્યારે પેલા વેપારી કહે, "છોકરાઓ, જો કોઈકના દોકડા પડ્યા છે તે લઈ જાવ." ત્યારે તે સત્સંગીનાં છોકરાં કહે, "અમે ન લઈએ અમે સત્સંગી છીએ, તે કોઈની પડી વસ્તુ ન લઈએ." ત્યારે વેપારીઓ કહે, "જેનાં છોકરાં પડી વસ્તુ લેતાં નથી, તે મોટા ચોરી કેમ કરે ?" એમ વેપારીને સત્સંગી પ્રત્યે વિશ્વાસ જાગ્યો ને ગુણ આવ્યો.

સત્સંગ વિના નિયમ ક્યાં છે ? સત્સંગી હોય તેની છાપ પડે ત્યારે ખરો કહેવાય. તે ગામ ચાડિયામાં રામ ભંડેરીનો દીકરો જીવો રહેતો. તેને ખડનું બીડ હતું, તેની બાજુમાં કુસંગીનું ખેતર. તેમાં વણવાવેલ તેના ચીભડાના વેલા આના બીડમાં આવ્યા ને ચીભડાં થયાં. પેલા કુસંગીએ ધ્યાન રાખ્યું જે સત્સંગી ચોરી કરે નહિ, પણ જોઈએ હવે શું કરે છે ? જીવોભાઈ ખડ વાઢે પણ એકેય ચીભડું લે નહીં. ત્યારે કુસંગી આવ્યો ને કહે, "જીવાભાઈ ! ચીભડાં કેમ લેતા નથી ? ખાવ તો ખરા."

ત્યારે જીવોભાઈ કહે, "અમારે સત્સંગીને ચોરીને લેવાય નહીં. મારે તો તારાં ચીભડાં ને પથ્થરા એ બેય બરોબર છે." ત્યારે તે કહે, "જીવાભાઈ ! તમે સત્સંગી ખરા હોં ! પણ હવે હું કહું છું કે ચીભડાં ઘરે લઈ જજો ને જમજો." ત્યારે જીવાભાઈ કહે, "તમે કહો છો તો લઈએ, પણ કોઈની ચીજ પૂછ્યા વિના અમારે સત્સંગીથી લેવાય નહીં."

આમ, જ્યાં જુએ ત્યાં ભગવાન ને ભગવાનની આજ્ઞા જ નજરમાં હોય એવી જેની વૃત્તિ હોય તેનાથી આજ્ઞા લોપાય નહિ અને જ્યાં સુધી નાસ્તિકપણું છે ત્યાં સુધી આજ્ઞા લોપાય છે જે, ભગવાન ક્યાં ભાળે છે ? માણસની મર્યાદા રહે છે, પણ ભગવાનની નથી રહેતી એ જ અજ્ઞાન છે. માટે આવાં અજ્ઞાનને ઓળખવાં અને ટાળવાં માટે ખરા ખપથી સાચા સાધુનો સમાગમ કરી સ્વામિનારાયણ ભગવાને બાંધેલી મર્યાદા-ધર્મ-નિયમની દૃઢતા કરી ભગવાનની આજ્ઞા-ઉપાસના પરાયણ જીવન જીવશું તો મહારાજ આપણા ઉપર અતિશય રાજી થશે. ●●●



# स्वधर्मे निधनं श्रेयः



લેખક : સાધુ અન્વયસ્વરૂપદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ભગવાનના ભક્તને ભગવાનની આજ્ઞા એ કલ્યાણનો હેતુ છે, પરંતુ જેને પોતાનું શ્રેય ઇચ્છવું તેને પોતાના ધર્મ પ્રમાણે જ આજ્ઞા પાળવી જોઈએ. ભગવાને આપણને જે આજ્ઞા કરી હોય તે પાળીએ તો એ સ્વધર્મ છે, બીજાને કરેલી આજ્ઞા પાળીએ તો એ પરધર્મ છે. પ્રભુની આજ્ઞા-મરજી પ્રમાણે તેમણે કહ્યું હોય તેમ જ કરીએ, તેટલું જ કરીએ તો એ આપણો કર્મયોગ આપણા માટે ભક્તિ બની જાય છે, ને આવા નિષ્કામ કર્મયોગનું ફળ પ્રભુની પ્રસન્નતા છે. અને પ્રભુની પ્રસન્નતા એ જ તેમને પામવાનો એકમાત્ર ઉપાય છે.

પ્રભુએ તો જુદા જુદા આશ્રમ અને વર્ણને ધ્યાનમાં રાખીને ઘણી આજ્ઞાઓ કરી છે. તેમાંની જે આજ્ઞા આપણા આશ્રમ કે વર્ણમાં ન આવતી હોય તેને મહારાજની મરજી જાણીને કે અન્ય કોઈ પણ સારાં બહાનાં હેઠળ પાળવા લાગીએ તોપણ એ પરધર્મ છે. પ્રભુએ બીજાને માટે કરેલી આજ્ઞા કદાચ સારી હોય, આપણને સુખદાયી લાગતી હોય, તોપણ તેમાં આપણું કલ્યાણ જોખમાય છે.

ગીતામાં અર્જુનજી ભગવાન શ્રીકૃષ્ણને કહે છે, “આવા ક્ષણિક રાજ્યના સુખ માટે હું મારા ગુરુજનો, સંબંધીઓ કે ભાઈઓને મારીને રાજ્ય વૈભવના સુખો ભોગવું એ તો મારા માટે અતિ નિંદનીય છે. માટે મારે આ લડાઈ નથી લડવી. હું ભિક્ષા માંગીને મારો નિર્વાહ કરીશ.” એક દૃષ્ટિએ જોઈએ તો અર્જુનની આ વાત વ્યાવહારિક, શાંતિપૂર્ણ અને સુખ દેનારી લાગે છે, પરંતુ શ્રીકૃષ્ણ પ્રભુ તેને સ્વીકારતા નથી. કારણકે, ભીક્ષા માંગીને જીવવું તે અર્જુન જેવા ક્ષત્રિયનો સ્વધર્મ નથી અને તેનો એવો સ્વભાવ પણ નથી. માટે પ્રભુ અર્જુનજીની એ માન્યતાને પરધર્મ ગણાવી પોતાના ધર્મમાં રહી યુદ્ધ કરવાનો જ ઉપદેશ આપે છે. કેમ જે સ્વધર્મમાં રહીને મૃત્યું થાય તો પણ તે કલ્યાણ કારી છે. અને પરધર્મમાં ભય રહેલો છે.

**श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।।**
**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।।३/३५।।**

વહાલા ભક્તો ! સ્વધર્મમાં પણ એક બાબત આવશ્યક છે. કેટલીક વાર કીર્તિ કે માન-સન્માનની ભૂખ અથવા તો સત્કર્મ કરવાનો ભાવ આપણને કોઈક એવા રસ્તે ચડાવી દે છે કે, આજીવન આપણે એ સારી પ્રવૃત્તિમાં જ ફસાયેલા રહીએ. એ સત્કર્મને જ આપણે મુખ્ય ધ્યેય માનીને આપણા જીવનનો બધો કિંમતી સમય વેડફી નાખીએ. પરિણામે અંતે પ્રભુપ્રાપ્તિ ન જ થાય અને જન્મ મરણ ચાલું રહે છેવટે પસ્તાવાનું થાય.

ગાંધીજીએ તેમની આત્મકથામાં છેલ્લે લખ્યું છે કે, “મેં આ બધું ઈશ્વરપ્રાપ્તિ માટે કર્યું પણ મને ખેદ છે કે મને ઈશ્વરની અનુભૂતિ થઈ નથી.” ગાંધીજીએ પોતાના જીવન દરમ્યાન જે કાંઈ કર્યું તે માનવસમાજના ભલા માટે આદર્શ પૂરો પાડે છે, પણ તેમનું મુખ્ય જીવન લક્ષ્ય નિષ્ફળ ગયું અને તેમને પોતાને પોતાના કર્મથી સંતોષ ન થયો. કારણ કે, પ્રભુપ્રાપ્તિ ઇચ્છનાર મુમુક્ષુ માટે જનસેવા કે દેશસેવા સ્વધર્મ નથી. આ બાબતનો જે મુમુક્ષુને સ્પષ્ટ ખ્યાલ ન હોય તેનું પોતાનું જીવન ઘણીવાર માત્ર સત્કર્મમાં જ વ્યતીત થઈ જતું હોય છે. પોતાના આત્માનું કલ્યાણ કરવાનો સમય એમાં જ ખર્ચાઈ જાય છે, માટે જો મુક્તિ મેળવવી હોય તો સત્કર્મ કે પરધર્મમાં નહિ સ્વધર્મમાં રહેવું જરૂરી છે.

જનસેવા-સમાજસેવા કરવી, દાન પુણ્ય કરવું એ બધી સારી વાત છે. તેનાથી જીવને પુણ્ય મળે, પછી આ લોકના સુખ કે કીર્તિ મળે અને મર્યા પછી સ્વર્ગ પ્રાપ્ત થાય પરંતુ તેનાથી મોક્ષ કે પ્રભુપ્રાપ્તિ ન જ થાય. માટે મુમુક્ષુ આત્માઓએ વિવેક કેળવવો જરૂરી છે કે, સેવા કરવી તો કોની કરવી ? કેટલી કરવી ? ક્યાં સુધી કરવી ? કેવા હેતુથી કરવી ? વગેરે... કેટલીક વાર પ્રભુની આજ્ઞા છે કે નહિ એનો તપાસ કર્યા વગર જ આપણી ઇચ્છાથી આપણે જે તે કાર્યને સારું માનીને કરવા લાગી પડીએ છીએ. પરિણામે અગત્યનું કરવાનું કામ રહી જાય છે. માટે આપણી ઇચ્છા કે સમાજની માંગ અને જરૂરિયાત કરતા પણ વધું ભગવાનની આજ્ઞા અને આપણા સ્વધર્મને ધ્યાનમાં રાખવો અતિ જરૂરી છે. જો ભગવાનની આજ્ઞા મુજબ સ્વધર્મનું પાલન કરીએ તો દાદાખાચર, પર્વતભાઈ અને નંદ સંતોની જેમ પુરુષોત્તમની પરમ પ્રસન્નતા અને પરમ પ્રાપ્તિ બંને મળી જાય. હે પ્રભુ ! મારી ઇચ્છા અને રાગથી ઉપર ઉઠી હું આપની આજ્ઞા મુજબ આપને પ્રસન્ન કરવા માટે આજીવન મારા સ્વધર્મને ઓળખી શકું અને એનું યથાર્થ પાલન કરી શકું એવી મારા ઉપર કૃપા કરજો... ●●●

# હૃદય સુધી પહોંચીએ...

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



શાંતિકાકાનું ઘર મારા ઘરથી એકદમ નજીક. બે ઘર મૂકો એટલે ત્રીજું તેમનું ઘર આવે. આખો દિવસ તેમનો લાઉડલી અવાજ મારા ઘેર બેકગ્રાઉન્ડમાં સંભળાયા કરે. પહેલા તો મને આ બાબતે તેમને વિવેક શીખવવાનું ઘણું મન થતું, પરંતુ મનને સમજાવતાં થોડા દિવસમાં મને પણ એ બધું સેટ થઈ ગયું.

શાંતિકાકા બહુ મજાના મળવા જેવા માણસ. અત્યંત લાગણીશીલ, પ્રેમાળ અને માવડિયો સ્વભાવ. પહાડી અવાજ, અહંશૂન્ય એવું વ્યક્તિત્વ કે બધા તેમની ઠેકડી-મશ્કરી કરી શકે. કોઈ તેમનું અપમાન કરે તોપણ તેમને એનું કાંઈ નહી. હા, જરૂર પડે ત્યારે થોડી આંખ લાલ કરે પરંતુ બીજી જ ક્ષણે તેમના મુખ પરના સ્મિતથી તેમની લાલ આંખમાં પણ સૌને અત્યંત વહાલની અનુભૂતિ થાય. લાખો માણસોમાં આવા એકાદ વ્યક્તિ મળે કે ન પણ મળે...!

કાકા કોઈને દુઃખી જોઈ ન શકે. રસ્તામાં જતા ક્યાંક ફૂલ-છોડ સુકાતાં જોઈ જાય તો તેને પાણી પાયા વગર રહી ન શકે... કબૂતરને ચણ નાખવાનો રોજનો તેમનો નિયમ. નાના બાળકો માટે ચોકલેટ ખિસ્સામાં જ રાખે. બેટા, બેટા કરી સૌને એવો પ્રેમ આપે કે ન પૂછો વાત. શેરીનાં કૂતરાં પણ તેમના ઇશારા માત્રથી દોડતા આવે. અરે, કામકાજ કરનારા મજૂરો પણ શાંતિકાકાને સારી રીતે ઓળખે. શાંતિકાકાના આ બધા સદ્‌ગુણો મને પણ તેમની સાથેના કેટલાક પ્રસંગ પછી જ સ્પર્શવા લાગ્યા. બાકી તો હું તેમના વિષે એવું જ માનતો કે તેઓ એક રૂઢિચુસ્ત, બોલકા, ફ્રી ઓફ ચાર્જ સલાહકાર છે.

શાંતિકાકા થોડું ડોશી વૈદું જાણે. તેમને એવું સંભળાય કે કોઈ વ્યક્તિ બીમાર છે એટલે તરત થોડી પડીકીઓ લઈ તેના ઘેર પહોંચી જાય. "બેટા ! કાંઈ ચિંતા કરીશ નહિ હોં...! આ દવાનો સવાર-સાંજ ઉકાળો લઈ આરામ કરજે. પ્રભુનું સ્મરણ કર્યા કરજે." કાકાની આટલી વાત દર્દીને બહુ મોટી સાંત્વના આપી જતી. દર્દીની સેવામાં શાંતિકાકા પોતાની લાગણી અને ભાવનાઓની ક્ષિતિજ ક્યારે વટાવી જતા તેની તેમને ખુદને પણ ખબર નહોતી રહેતી. આવા સમયે જે તે ફિલ્ડના અનુભવીને પણ તેમની વાત માનવી પડતી.

એકવાર એવું બન્યું... મને તાવ આવ્યો એટલે હું ડોક્ટર પાસેથી ટીકડી લઈ જમીને સૂઈ ગયો. એટલામાં શાંતિકાકા આવ્યા... "બેટા હર્ષિત ! શું થઈ ગયું તને !" "કાકા તાવ આવ્યો છે." આટલું સાંભળતાં તેઓ તરત પોતાને ઘેર ગયા ને થોડી પડીકીઓ તથા ગરમા ગરમ ઢોકળાં લઈ આવ્યા. મેં કહ્યું, "કાકા, મેં ટીકડી લીધી છે. વળી, ડોક્ટરે શક્ય એટલું ફ્રૂટ જમવા કહ્યું છે..." હું આગળ બોલું એ પહેલા જ કાકાએ મારા મોઢામાં એક ઢોકળું મૂકી દીધું. "ડોક્ટરને શું ખબર પડે ! મારાં બનાવેલાં આ ઢોકળાં ખા અને આ પડીકી લે... તાવ ઊભી પૂંછડિયે ન ભાગે તો કહેજે." છેવટે મારે કાકાના ભાવભર્યા આગ્રહને વશ થઈ મૂંગે મોંઢે ઢોકળાં ખાઈ લેવા પડ્યાં. ભગવાનને કરવું હશે તે બે દિવસની તેમની દુવા અને દવા લેવાથી હું ઊભો થઈ ગયો. ડોક્ટરે આપેલ ટેબલેટ બસ એમની એમ જ પડી રહી.

આ પ્રસંગ બાદ હવે તેમના પ્રત્યેની મારી ધારણા બદલાવા લાગી. જ્યાં સુધી મને સમજાયું ન હતું ત્યાં સુધી તો મને એમ થતું કે કાકાનું નામ શાંતિ કોણે રાખ્યું હશે ! ખરેખર અશાંતિકાકા હોવું જોઈએ. કેમ જે, ગમે ત્યાં હોય આખો દિવસ જરૂર હોય-ન હોય

બોલ બોલ બોલ જ કરે. એના કરતાં કાકા શાંતિથી પ્રભુનું સ્મરણ કરે તો કેવું સારું ! એકની એક વાત બે-ત્રણ વાર કહે... વગર માંગી સલાહ દીધા જ કરે... "કેમ જીવણ, વાડીએ ઘઉં વાવ્યા છે કે ? જોજે... પાણી પૂરતું પાઈશ તો જ મોલ સારો થશે; તારા દીકરાએ કઈ લાઇન લીધી છે ? જોજે પાછો, એને સાયન્સ રખાવજે." આવું તો ઘણું ઘણું... આ બધી બાબતોમાં મને એવું લાગતું કે કાકા આવી પારકી પંચાતમાં શું કામ પડતા હશે ?

પણ... જ્યારે મારો એંગલ બદલાયો ત્યારે મને ખબર પડી ગઈ કે એ તો ભગવાનના માણસ છે. તેમના જેવું કોઈથી જીવાય નહિ; બીજાના દુ:ખે દુ:ખી અને સુખે સુખી થવું એ સામાન્ય માણસનું કામ નથી. આમ મારે ને એમને કોઈ જ પ્રકારનો સંબંધ નહિ છતાં મારા માટે પણ તેઓ આવો ભાવ રાખતા હોય તો એમની આ ઊંચાઈ પાછળ કોઈક બહુ ઊંચું પ્રેરકબળ કામ કરતું હશે. માટે મારે એમના વિષે બીજું-ત્રીજું ન વિચારાય !

જ્યારે મારા વિચારોને આવો વળાંક મળવા લાગ્યો ત્યારે હવે તેમનાં બાહ્ય સ્વભાવ-વર્તન કે બોલી તરફ વૃત્તિ ન રહેતાં હું તેમના હૃદય સુધી પહોંચવા લાગ્યો. હવે મને શાંતિકાકાનો બોલકો અને સલાહ દેવાનો એનો એ જ સ્વભાવ દોષરૂપ નહિ લાગતા ગુણ તરીકે દેખાવા લાગ્યો. તેમના હૃદયના શુધ્ધભાવ તરફ દૃષ્ટિ થતાં મારું પોતાનું હૃદય દ્રવી જવા માંડ્યું. મને લાગ્યું કે હું ઊંધા માથે થઈ અનેક જન્મો તપ-જપ કરું તોય એમના જેવા ગુણો નહિ કેળવી શકું...

શાંતિકાકાનો નિ:સ્વાર્થભાવ અને નિર્માની સ્વભાવ સૌ કોઈને આકર્ષતો હતો. બીજા માટે જીવવાનો અને બીજાને રાજી કરવાનો તેમનો ગુણ અજોડ હતો. ઘેર એકલા એકલા પ્રભુને પ્રત્યક્ષ માની તેમની સાથે વાતો કરતા હોય. અનેક વખતનાં આવાં અનેક દૃશ્યો જોયા બાદ મેં તેમને આધ્યાત્મિક માર્ગના મારા આદર્શ પાત્ર બનાવી લીધા. શાંતિકાકાની કેટલીક બાબતો મારા દૂરથી લીધેલ તેમના વાઇડ ફોટામાં કેપ્ચર ન થઈ, પરંતુ જ્યારે હું એમની તસ્વીર એકદમ નજીકથી ખેંચવા લાગ્યો ત્યારે મને આ બધી તેમની ઊંચાઈ જોવામાં આવી. મારો કેમેરો બરાબર તેમના ઉપર મંડાયેલો હતો ને વિચારોનો પ્રવાહ પણ સવળો ચાલતો હતો એ અરસામાં એકવાર મને એક દૃશ્ય જોવા મળ્યું.

હું કશાક કામ માટે તેમના ઘેર જઈ ચડ્યો. જોયું તો શાંતિકાકા ઘરમંદિરમાં એકલા બેસી આંસુ લૂંછી રહ્યા હતા. મેં પૂછ્યું, 'શું કાકા !' 'કાંઈ નહિ બેટા...' 'કાકા ! કહો તો ખરા... કાંઈ તકલીફ કે મુશ્કેલી છે ?' કાકાએ ઘેરા સ્વરે કહ્યું, 'હા, મુશ્કેલી તો છે પણ મારે નહિ; પેલા અંકિતને...' 'શું મુશ્કેલી છે ?' 'એને બિચારાને અવારનવાર ભક્તોના બાહ્ય સ્વભાવ જોઈને અવગુણ આવી જાય છે, એટલે પ્રભુને પ્રાર્થના કરતો હતો કે, 'પ્રભુ ! એને સરખું સમજાવે.' આમ કહી તેઓ મને ઉદ્દેશીને બોલવા લાગ્યા...

'બેટા હર્ષિત ! આ દુનિયામાં અભાવ લેવા જેવા ક્યાં કોઈ છે ? ખુદ પ્રભુએ જેમનું સર્જન કર્યું હોય એનો આપણે અભાવ લેવાય ? ગુણ લેવા જેવું ઘણુંય હોય તેને ન જોઈને જરા જેટલી બાહ્ય બાબત પર ધ્યાન દઈએ તો પ્રભુને કેવું લાગે ! જો એના હૃદય સુધી ન પહોંચીએ તો એને ઓળખવામાં બહુ ફેર રહી જાય... હર્ષિત, બહુ જ ફેર રહી જાય. મેં એને સમજાવ્યો તો છે પણ...' આમ કહેતાં કાકાની આંખમાંથી ફરી બે અશ્રુબિંદુ ખરી પડ્યાં. આ પ્રસંગે શાંતિકાકાના લાગણીભર્યા હૃદયપ્રવાહો સાંભળી હું વિચારે ચડી ગયો. મને થયું કે, આધ્યાત્મિક માર્ગમાં આ બધા સદ્ગુણો અને આવો સ્વભાવ વ્યક્તિને પોતાને કેટલો બધો ભીનો રાખે છે ! ભગવાનમય રહેવાનું કેવું સુંદર ફાઉન્ડેશન પૂરું પાડે છે ! આવા વિચારો સાથે કાકાને મનોમન વંદન કરી મેં વિદાય લીધી.

**વહાલા ભક્તો ! આ સત્સંગમાં રહેલા શાંતિકાકા જેવા ભક્તોને ઓળખવામાં આપણાથી તો કોઈ ભૂલ નથી થતી ને ! આપણે ઉપલક દૃષ્ટિથી જોઈ કોઈનામાં ગૌણભાવ તો નથી કરતા ને ! જો સવળું સમજીને તેમના હૃદય સુધી નહિ પહોંચ્યા હોઈએ તો અંતે પસ્તાવું પડશે કે, "હું એમને ઓળખી ન શક્યો..." હા, પોતાની જ વાત હોય તો આવા સ્વભાવમાં થોડો વિવેક અને સાવધાની જરૂરી છે કે જેથી પ્રભુને પામવાના આપણા ધ્યેય બારું કાંઈ થવા ન લાગે. પ્રભુ અને પ્રભુપ્યારા માટે જ જીવવાને બદલે અન્યને માટે પણ આપણો સમય ખર્ચાવા ન લાગે. લાગણી-પ્રેમ વગેરે રાખતાં ક્યાંય મોહ કે બંધન ન થઈ જાય. આ બધું સ્વસંશોધન કરી પોતાના દોષ ટાળવા જરૂરી છે, પરંતુ અન્યના ગુણોમાં તો આપણને કદાપિ દોષદર્શન ન જ થવું જોઈએ.** ●●●

# વિસ્તારવાદ

લેખક : પ.ભ.શ્રીપંકજભાઈ ડી. પટેલ-વડોદરા



મનુષ્ય સ્વભાવગત વિસ્તારવાદી છે. એ જન્મે ત્યારથી ભૌતિક વિસ્તાર માટે મંડાઈ પડે છે. શરીરની સુખ-સુવિધાઓ, બીજા મનુષ્યો ઉપરનું આધિપત્ય, પોતાને જરૂરી હોય તે કરતાં વધુ ભૂમિ, મોટાં મકાનો, વાહનો....યાદી ઘણી લાંબી બને તેમ છે. અરે ! ઘણાં પશુ-પક્ષીઓ પણ આમાંથી બાકાત નથી. જીવમાત્રને વિસ્તરવું ગમે છે. **પોતે કરેલા વિસ્તારને જોઈ જીવ આભાસી આનંદ અને સાચા દુ:ખમાં અટવાતો રહે છે. "ફલાણા કરતાં મારી પાસે ઘણું છે." એમ થોડો આનંદ માણે ત્યાં, "ફલાણા પાસે હજી ઘણું છે." તેમ માની ખોટી હરિફાઈ કરી દુ:ખી થતો હોય છે.** ભગવાને કીડીને કણ અને હાથીને મણ; જેવી જીવની જરૂરિયાત હોય તે પ્રમાણે આપ્યું જ હોય છે, પણ જીવને એટલાથી શાંતિ જણાતી નથી.

પોતાનાથી પહોંચી વળાય એટલો વિસ્તાર ભલે વધારીએ પણ કરોળિયો જેમ સમયે લાળ સંકેલી લે છે, તેમ **સમયે સંકેલો કરવાનું પણ શીખી લઈએ**; નહિ તો એ જ કરોળિયો, જેમ પોતાના જ જાળમાં ગૂંચવાઈને મૃત્યુ પામે છે, તેમ **વિસ્તાર એમને એમ રહી જશે અને આપણી રાખ બની જશે.**

ભૂતકાળમાં રાજા મહારાજાઓએ કેટલાંય યુદ્ધો કરી જે કાંઈ મેળવ્યું તે કોઈ સાથે લઈ ગયા નથી. મહેલો અને જમીનનો જે વિસ્તાર કબજે કર્યો હતો તે આજે એમનો નથી. "એક તસુ જમીન પણ નહિ મળે," એમ કહી કૌરવોએ પાંડવો સાથે મહાભારત ગ્રંથ લખાયો એવું મોટું અને ભયંકર યુદ્ધ કર્યું. **જે જમીન માટે ઘણા બધા કપાઈ મૂઆ તે જમીનના દસ્તાવેજ આજે કોના નામે હશે ?** આજે પણ જે કોઈ જમીન-જાગીર માટે લડે છે, પોતાનું કરી લેવા મંડાયા છે, એ ક્યાં સુધી એમના નામે રહેશે ? **પૃથ્વી પર નવી જમીન પેદા થતી નથી.** વિસ્તારના કેફમાં ને કેફમાં જે ચાલ્યા ગયા તેણે આ જ ભૂમિ માટે જીવતર રોળ્યું અને આજે પણ એવા જે છે તે જીવન રોળી રહ્યા છે. આપણે આવી નાશવંત બાબતો છોડી, **ભગવાનમાં આપણો વિસ્તાર વધારીએ, તો જન્મ સફળ થાય.**

**આધ્યાત્મિક માર્ગમાં આ વિસ્તારવાદ; વિવાદ, વિખવાદ અને વિષાદનું કારણ બને છે.** પૂ.ગુરુજી કહે છે, **"જેને કાંઈ જોઈતું જ નથી તેના જેવો કોઈ સુખી નથી."** જીવ **પોતાનામાં**


શું ખૂટે છે ? તે જોતો નથી અને **પોતાની પાસે** કાંઈક ખૂટે છે, એમ માની જીવનભર દોડતો જ રહે છે.

આપણે જન્મીએ કે તરત ભગવાન આપણને દાંત આપતા નથી. કેમ કે, જો દાંત આપી દે તો સાન-ભાન ન હોવાથી, પોતાનું પોષણ કરનાર માતાને જ ધાવતી વેળાએ નુકસાન કરીએ. સહેજ મોટા થઈએ, ધાવણ છૂટે તે દરમ્યાન દાંત આવવા લાગે છે. આધ્યાત્મિક માર્ગમાં પણ આપણે આપણા પોષણકર્તા સંતો-ગુરુને નુકસાન પહોંચાડીએ તેમ હોઈએ ત્યાં સુધી ભગવાન આપણને જૂના અને સીનિયર થવા છતાં સામર્થીરૂપી દાંતથી દૂર રાખે છે. **ભગવાન દાંત આપતા જ નથી અને આપણને બીજાનું જોઈને દાંત જોઈતા હોય છે, એ જ વિસ્તારવાદનું મૂળ છે.** આપણી પાત્રતા હોતી નથી અને છતાં બીજા સાથે બાધી-આખડીને બળજબરીથી લઈ લેવા પ્રયત્નો કરતા રહીએ એમાં આપણે પોતે તો દુઃખી થઈએ છીએ પણ બીજાને પણ દુઃખી કરીએ છીએ..

"મોટાનો રાજીપો વધારે મળે, હું મોટાની નજરમાં આવી જાઉં, એ મારી સેવાથી રાજી રાજી થઈ જાય," એવા પ્રયત્ન કરવાની કોઈ મનાઈ નથી; પણ એમાં ને એમાં આપણે, **પોતાને જેટલું અને જે ક્ષેત્રનું કાર્ય સોંપવામાં આવ્યું હોય તે કરતાં વિશેષ, બીજાં ક્ષેત્રોમાં પણ દોઢડહાપણ કરી માથાં મારવા લાગીએ છીએ અને આપણો વિસ્તાર મોટો કરવા લાગીએ છીએ. જેટલો વિસ્તાર મોટો થાય એટલી વૃત્તિઓ પાતળી થવા લાગે છે.** પછી ન તો પોતાના વિસ્તાર ઉપર પૂરતું ધ્યાન રહે છે કે ન તો ભગવાનમાં ! **ભગવાનમાં ધ્યાન રહેતાં રહેતાં વિસ્તાર વધે તો વાંધો નહિ, પણ આ જવલ્લે જ બને છે. કોઈક મોટાપુરુષ જ આ કરી શકે છે.** "હમ ભી મહાપુરુષ હૈ" એમ માની મંડી પડે તેનું મૃત્યુ થઈ જાય છે. **"મેં કોઈ આજ્ઞા લોપી નથી, હું ભૂલમાં છું જ નહિ, મારી કોઈ ભૂલ થતી નથી, હું ખૂબ સાવધાની રાખું છું, હું તો સંતોની-ભગવાનની આજ્ઞા પ્રમાણે જ બધું કરું છું, એમને રાજી કરવા જ બધું કરું છું," એમ જ લાગ્યા કરતું હોય છે, પરંતુ દુઃખની મહેમાનગતિ મટતી જ નથી. છતાં, આવી શાહમૃગ નીતિ જ આપણને વિસ્તારવાદનો નશો ચડાવે છે અને રાજી કરવા જ સેવા કરતા હોવા છતાં અવળું પરિણામ આવીને ઊભું રહે છે.**

મેનેજમેન્ટમાં લોરેન્સ જે પીટર નામના વિદ્વાનનો એક સિદ્ધાંત **"પીટર્સ પ્રીન્સીપલ"** તરીકે જાણીતો છે. એ મુજબ, **"વ્યક્તિ પોતાની ક્ષમતાથી આગળ વધતાં વધતાં એવી કક્ષાએ પહોંચે છે કે ત્યાં એની ક્ષમતા નાશ પામે છે."** વિસ્તાર એટલો વધે કે પછી ફુગ્ગો ફૂટી જાય છે. માટે **ખોટા વિસ્તારવાદમાં ન ફસાવાની જ સાવધાની રાખીશું તો ભૂલ માટે સાવધાની રાખવી નહિ પડે. બધી રીતે રુડા, મોટા, ડાહ્યા, સમજુ, જ્ઞાની ગણાતા હોવા છતાં ભગવાન આપણને ઠેકાણે લાવવા જ ભૂલ પડાવે છે. "આવી ભૂલો પાછળ, મારા માટે ભગવાનનો શું સંકેત છે ?" તેનું સંશોધન કરી, સમજી-વિચારીને, પોતાનામાં સુધારો કરીએ.** ભગવાનને પ્રાર્થના કે, "આપણને ખોટા વિસ્તારવાદથી બચાવે !" ●●●

**પૂ.ગુરુજી કહે છે, "જેને કાંઈ જોઈતું જ નથી તેના જેવો કોઈ સુખી નથી." જીવ પોતાનામાં શું ખૂટે છે ? તે જોતો નથી અને પોતાની પાસે કાંઈક ખૂટે છે, એમ માની જીવનભર દોડતો જ રહે છે**



# ભૂલ...

લેખક : પ.ભ.શ્રીદિવ્યાંગભાઈ ઠક્કર-આણંદ

ચાલો ઘરસભા કરીએ

આપણે કોઈક વાનગી બનાવીએ તો તેની અંદર ઘણા બધા સ્વાદ હોય પણ તે પોતાના સ્વભાવથી માપમાં હોવાથી અને એકબીજામાં ભળી ગયેલા હોવાથી તે ભોજન લેનારને સુખરૂપ થાય છે; તેમ આપણે ઘરમાં રહેતા હોઈએ ત્યાં પણ બધાના સ્વભાવ અલગ-અલગ હોય, પણ જો તે માપમાં રહે અને એકબીજામાં ભળી જાય તો સુખરૂપ બની શકે અને તે માટે દરેક સભ્ય પોતાની ભૂલ(સ્વભાવ) ઓળખીને તેની માફી માંગી શકવા જોઈએ અને બીજા તેમને દિલથી માફ કરી શકવા જોઈએ. આ માટેનું માધ્યમ એટલે આપણી ઘરસભા. તો ચાલો કરીએ ઘરસભા...

**ચોપાઈ :**

કરી મહારાજે મોટી મહેર, આણ્યો સત્સંગ રૂડી પેર;

એહ સત્સંગ છે મોટી વાત, એમાં કલ્યાણ છે સાક્ષાત.

**પૂજન :** જે સભ્યની આ મહિનામાં બર્થ ડે આવતી હોય તે સભ્યે મહારાજનું ફૂલ-ચોખા કે તુલસી વડે પૂજન કરવું.

જો જીવનમાં પ્રગતિ કરવી હોય તો પોતાને પોતાની ભૂલ ઓળખાવી ખૂબ જરૂરી છે. સદ્.મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે કે, "હરિ કૃપા જબ હોત હે, તબ સૂઝત આપના દોષ". આમ, જેના ઉપર ભગવાનની કૃપા થાય તેને જ પોતાની ભૂલ અને સ્વભાવો ઓળખાય છે. તો તે માટે પૂ.ગુરુજીની એક પ્રાર્થના છે તે બધા ભેગામળી ગાઈએ...

**પ્રાર્થના :** હે નાથ સુણો વિનંતી મારી...

YouTube

આ ઘરસભામાં આપણે આપણી "ભૂલની માફી માંગીશું અને બીજાને માફ કરીશું."

જીવનમાં અમુક વાર નાની-મોટી ગેરસમજને લઈને એકબીજાને દુઃખ લાગતું હોય છે, જેમાં ક્યારેક બાળકોની ભૂલ હોય તો ક્યારેક માતા-પિતાની પણ ભૂલ હોઈ શકે છે. ક્યારેક આપણે જ આપણા પૂર્વગ્રહ અને અહંને લઈને બીજા પ્રત્યે ખોટી માન્યતા કરી બેઠા હોઈએ છીએ પણ તેઓ એવા ન પણ હોય. ચાલો આપણે એક વિડિયો ક્લીપ જોઈએ...

YouTube

શું આપણે બીજાને વિશે આવી ખોટી માન્યતા કે પૂર્વગ્રહ રાખીને દુઃખી તો નથી થતાં ને ? આપણાં વાણી-વર્તનથી કોઈને દુઃખ તો નથી થતું ને ? આવા વિચારો સાથે ચાલો ૫ મિનિટ ધૂન કરીએ...

YouTube

ધૂન દરમિયાન વર્તનથી કોઈ દુઃખાઈ ગયા હોય તે વિચારવું, દરેકે માત્ર પોતે પોતાની જ ભૂલ જોવી, પરસ્પર એકબીજાને કોઈ ગેરસમજ થઈ ગઈ હોય તો તેનો ખુલાસો કરવો અને એકબીજાની માફી માંગવી અને બીજા સભ્યોએ તેમને માફ કરી દેવા અને રાજીપો આપવો.

હવે આપણે એકબીજાના સ્વભાવ નહિ, પણ ગુણ જોવાની ટેવ પાડીશું, તેવો ઠરાવ કરવો.

અંતે ચોપાઈ...

**“પરસ્પર સબ હેત ન માઈ, એક એક સે અતિ મિત્રાઈ;**

**એક એક કો કરે બખાના, કલિ જોઈ કે આશ્ચર્ય માના.”**

હળવો આનંદ કરીને પ્રસાદ વહેંચવો ને સભાને પૂર્ણ કરવી. ●●●

તા.૨૩/૦૮/૨૦૨૨ શ્રાવણ વદ-૧૧ના જાગરણ પ્રસંગે શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ દ્વારા આયોજિત **શાયરી સંમેલન-૩**માં ભક્તોએ રજૂ કરેલ શાયરીઓ...



# અંતરનો અરીસો

(આધ્યાત્મિક શાયરી)

**: પ્રેરક :**

**પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી**

**- કુંડળધામ**



ક્રોધી, લોભી, સ્વાદી, માની, અજ્ઞાની અને છું હું ઘણો બધો કામી,
સાચા સાધુને સોંપાઈ નિખાલસ થઈશ તો જઈશ પ્રભુમાં જામી.

કથાશ્રવણની ઉપરછલ્લી વાત સાંભળી મારી જાતને માનું છું હું સમજણવાળો બહુ 'જ્ઞાની';
અલા મૂરખ જ્ઞાનના દેખાડામાં જો રહી ગયું તારું કલ્યાણ એ વાત નહિ રહે પ્રભુજી કે ગુરુજીથી છાની.

રોનક રાજેશભાઈ આદેશરા – વડોદરા

---

## "તું રહેવા દે"

અવગુણ બીજાના જોવાનું તું રહેવા દે,
ઘણા અવગણયા તારા બીજાએ, હવે ગુણ જોવાનું ચાલું કરી દે...
પોતાના દુ:ખનું બીજાને કારણ આપવાનું તું રહેવા દે,
હશે આજ્ઞાલોપ, પ્રારબ્ધ કે કસોટીનું, સહન કરીને મહારાજને રાજી કરી દે...
સત્તા, સંપત્તિ અને પ્રસિદ્ધિનું અભિમાન કરવાનું તું રહેવા દે,
કાળની એક ઝપાટે બધું નાશ થઈ જશે, માટે મને હવે સંતોની આગળ નિર્માની થાવા દે...
મોટાની આજ્ઞા લોપીને મનધાર્યું કરવાનું તું રહેવા દે,
અંતે દુ:ખી થાવા કરતાં, મને મોટાની મરજીમાં ભળવા દે...
પોતાના સ્વાર્થ માટે સત્સંગનો ઉપયોગ કરવાનું તું રહેવા દે,
તન-મન-ધનથી હવે મને સત્સંગના ઉપયોગમાં આવવા દે...
ફક્ત વાતો કરી માન મેળવવાનું હવે તું રહેવા દે,
વાતો હવે વર્તનમાં લાવીને ભગવાન સંતોનો રાજીપો લેવા દે...

ધ્રુવલ હસમુખભાઇ પટેલ – ઓહાયો




બાળકિલ્લોલ



# વૈદિક ગણિત

વહાલા બાળમિત્રો ! આજ-કાલ કેલ્ક્યુલેટર, કમ્પ્યુટર વગેરે આવતા આપણા મગજની ગણતરી કરવાની પ્રેક્ટિસ નહિવત્ થઈ ગઈ છે. નાના એવા સરવાળા, બાદબાકી કે ગુણાકાર કરવામાં પણ મશીનની જરૂર પડે છે. તો ચાલો આ વખતના મેગેઝિનથી વૈદિક ગણિતના માધ્યમે ઝડપથી અને સરળતાથી ગણતરી કરવાના વિવિધ માધ્યમો શીખીએ.

વૈદિક ગણિત એ ગણિતની એક પદ્ધતિ છે, જે Mathsની ગણતરીને સરળ અને ઝડપી રીતે ઉકેલવા માટેની ફોર્મ્યુલા કહેતાં સૂત્રોનો સંગ્રહ છે. આ પદ્ધતિની શોધ ભારતીય ગણિતશાસ્ત્રી જગદગુરુ શ્રીભારતી કૃષ્ણતીર્થજી મહારાજ દ્વારા ઈ.સ.૧૯૧૧ થી ૧૯૧૮ વચ્ચેના સમયગાળામાં કરવામાં આવી હતી. આ પદ્ધતિ તેમને ભારતીય વેદો પરથી સંશોધિત કરી છે તેવું કહેવામાં આવે છે. જેમાં ૧૬ સૂત્રો (ફોર્મ્યુલા) અને ૧૩ ઉપસૂત્રો (સબ ફોર્મ્યુલા)નો સમાવેશ થાય છે.

આધુનિક શિક્ષણમાં ગણિત શીખવવાની પરંપરાગત પદ્ધતિઓ કરતાં વૈદિક ગણિતના કેટલાક ફાયદાઓ વિશેષ છે.

આ પદ્ધતિઓ ગાણિતિક સમસ્યાઓ ઉકેલવા માટેની પરંપરાગત પદ્ધતિઓ કરતાં ઝડપી અને વધુ કાર્યક્ષમ છે.

સૂત્રો સરળ અને સમજવામાં સહેલાં હોવાથી ગણિતથી ડરતા વિદ્યાર્થીઓને પણ ગણિત ભણવામાં રસ ઉત્પન કરે છે અને ગણિતના જટિલ પ્રશ્નો ઉકેલવામાં તેમને આનંદ આપે છે.

મનને તેજ બનાવે છે, માનસિક ચપળતા અને બુદ્ધિનો વિકાસ કરે છે, જે કેલ્ક્યુલેટરના ઉપયોગ વિના ગાણિતિક ગણતરીઓ કરવાનું સરળ બનાવે છે.

તો ચાલો, આપણે વૈદિક ગણિતની એક પદ્ધતિ જાણીએ. જેમાં કોઈ પણ સંખ્યાનો 11, 111, 1111...' સાથે ગુણાકાર કેવી રીતે કરી શકાય ?

**ટ્રેડિશનલ મેથડ :**

| | |
|---|---|
| 35 | 65 |
| X11 | X11 |
| | +1 |
| 350 | 650 |
| 35 | 65 |
| 385 | 715 |

35 X 11 = 0 3 5 0
+ + +
3 8 5

135 X 11 = 0 1 3 5 0
+ + + +
1 4 8 5

અહીં 11 બે આંકડાની સંખ્યા છે, તેથી તેનાથી એક ઓછો આંકડો એટલે કે એક 0. જે સંખ્યા સાથે તેનો ગુણાકાર કરવાનો છે તેની બંને બાજુ મૂકવો. હવે 11 બે આંકડા છે તેથી જમણી બાજુએથી બે આંકડાનો સરવાળો કરતો જવો. જેમકે, 35X11

**1) પહેલા 0 અને 5 નો સરવાળો કરતા 5 આવે.**

**2) પછી 5 અને 3 નો સરવાળો 8.**

**3) અંતે 0 અને 3 નો સરવાળો 3, જવાબ 385 તે જ રીતે 135X11 માં જવાબ 1485.**

67 X 11 = 0 6 7 0

+ +1 + +

6 3 7

7 3 7

જો સંખ્યાનો સરવાળો કરવામાં ટોટલ 10 કે તેથી વધારે આવે તો તેના પછીના આંકડામા 1 ઉમેરી દેવો. જેમ કે, અહીં 6 અને 7 નો સરવાળો કરતા 13 થયો તો 3 ને લઈ 1 ને ત્યાર પછીનો આંકડો કહેતા 6 માં ઉમેરવાથી 7 જવાબ થયો.

235 X 111 = 0 0 2 3 5 0 0

+ +$_{+1}$ + + +

2 5 0 8 5

2 6 0 8 5

111 માં ત્રણ આંકડાની સંખ્યા છે, તેથી તેનાથી એક ઓછો આંકડો એટલે કે બે 0. જે સંખ્યા સાથે તેનો ગુણાકાર કરવાનો છે તેની બંને બાજુ મૂકવો. 111 ત્રણ આંકડા છે તેથી જમણી બાજુએથી ત્રણ આંકડાનો સરવાળો કરતો જવો. આ જ રીતે 1111, 11111 વગેરેમાં આ જ નિયમ છે.

**: પ્રેકટીસ માટે :**

445X11= 269X11= 83X111= 352X1111=

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.નિરવભાઈ જયેશભાઈ પટેલ-કેનેડા



મૂળ ગામ શિનોરના હાલ કેનેડામાં રહેતા પ.ભ.નિરવભાઈ જયેશભાઈ પટેલ તા.૧૨/૦૩/૨૦૨૩ના રોજ ૩૨ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા થતા અક્ષરવાસી થયા છે. નિરવભાઈ પૂ.ગુરુજીને ગુરુ સ્વીકારી છેલ્લા ૮ વર્ષથી સત્સંગમાં જોડાયા હતા. પૂ.ગુરુજી કે સંતોને મળવાનું થાય ત્યારે તેઓ પોતાની ઊંઘનું પણ ભાન ભૂલી જાય એવા આનંદમાં આવી જતા. તેઓ સંતોમાં હેત, વિશ્વાસ અને હિતકારીપણાનો ભાવ રાખતા. સત્સંગમાં બધાને ખૂબ મદદરૂપ થતા. વળી, સેવા કરવાનો તેમને ખૂબ ઉમંગ-ઉત્સાહ હતો.

આજથી ૪ વર્ષ પહેલાં તેમને કેન્સરનું નિદાન થયું છતા પણ તેઓ મહારાજ અને સંતોના બળે મૂંઝાયા ન હતા. તેઓ એવું કહેતા કે, "મારી બીમારી એ બીમારી નથી પણ મહારાજે મને આપેલી પ્રસાદી છે, અક્ષરધામમાં જવા માટે મારે જેકપોટ લાગ્યો છે." તેઓ સંતોને મળે તોપણ પોતાની બીમારી વિશે ચર્ચા કરવાને બદલે અહોભાવની જ વાતો કરતા. નિરવભાઇ શ્રીહરિ અને સંતો-ભક્તોનો મહિમા વિચારતા અને પ્રાપ્તિના આનંદમાં રહેતા. ધામમાં ગયા તેને આગલે દિવસે પણ તેઓ "I AM DOWN BUT NOT OUT" એવું કહીને બળભરી વાત કરતા; આવું મહારાજ અને સંતોનું બળ રાખનાર નિરવભાઈને શ્રીજીમહારાજ પોતાની સમીપે મૂર્તિનું અખંડ મહાસુખ આપે તથા તેમના પરિવારજનોને તેમનો વિયોગ સહન કરવાનું બળ આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.વિજયભાઈ જાદવભાઈ પટેલ-વડોદરા




વડોદરામાં રહેતા પ.ભ.વિજયભાઈ જાદવભાઈ પટેલ તા.૦૯/૦૩/૨૦૨૩ના રોજ ૮૪ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયા છે. નાનપણથી જ સત્સંગી એવા વિજયભાઈએ બ્રહ્મચારી સદ્.શ્રીમાયાતીતાનંદ સ્વામી(ખંભાત)ને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. ત્યારબાદ છેલ્લા ૨૩ વર્ષથી તેઓ પૂ.ગુરુજી સાથે ગુરુભાવ રાખીને નિષ્ઠાપૂર્વક જોડાયા હતા. ગુજરાત સરકારના જી.ઈ.બી વિભાગમાં કાર્યપાલક ઈજનેર જેવા ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયા બાદ તેઓ સેવાપ્રધાન જીવન જીવતા હતા. સત્સંગનો ખપ તેમને ખૂબ સારો હતો. અને તેથી જ તેઓ મંદિરમાં સેવા કરી સંતો-ભક્તોનો વિશેષ લાભ લઈ શકાય એવા હેતુથી પોતાનું મોટું મકાન છોડી મંદિરની નજીક ફ્લેટમાં રહેવા આવી ગયા હતા.

વિજયભાઈ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં ૧૮ વર્ષથી સેવાભાવી તરીકે સત્સંગ સેવક મેગેઝિન વિભાગમાં ચોક્સાઈપૂર્વક સેવા કરતા હતા. તેઓ સ્વભાવે શાંત, મૃદુભાષી, નિર્માની અને મહિમાવાન હતા. કીર્તન ભક્તિનું તેમનું અંગ બહુ સારું હતું. તેમના ફરિયાદ રહિત જીવનથી સૌ સંતો-ભક્તો તેમના ઉપર ખૂબ રાજી હતા. ધામમાં જવાના એક દિવસ પહેલાં તેમણે પોતાના દીકરાને "મારે જાવાનો સમય થઈ ગયો છે." આવું કહ્યું હતું. આવા પ્રભુને પામી જવા તૈયાર રહેનાર વિજયભાઈને શ્રીજીમહારાજ અક્ષરધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે તેમજ પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો આપે એવી પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ આયોજિત, સપ્તાહ પારાયણ-કુંડળધામ







શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ દ્વારા અ.નિ.કાંતિલાલ મોતીલાલ કુસકી, અ.નિ.મંજુલાબેન કાંતિલાલ કુસકી તથા અ.નિ.સવિતાબેન કાંતિલાલ કુસકી-આ બધા ખંભાતવાસી કુસકી પરિવારના વડીલોના મોક્ષાર્થે કુંડળધામમાં સં.૨૦૭૯ ફાગણ સુદ-૧૨, શનિવારથી ફાગણ વદ-૩, શુક્રવાર તા.૦૪ થી ૧૦ માર્ચ, ૨૦૨૩ દરમ્યાન **"સપ્તાહ પારાયણ"**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પારાયણના પ્રારંભે નિજ મંદિરમાં બિરાજમાન વહાલા મહારાજના સાંનિધ્યથી નીકળેલ પોથીયાત્રા વાજતે ગાજતે શ્રીજીવાડી સ્થિત કથામંડપમાં પહોંચી હતી. ત્યારબાદ આપણા ગુરુજી પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ યજમાન પરિવારના ભક્તોને સાથે રાખી દીપ પ્રાગટ્ય કરી પારાયણનો શુભારંભ કર્યો હતો.



આ પારાયણ દરમ્યાન દરરોજ રાત્રે પ.પૂ.ગુરુજીએ સદ્.શ્રીમાધવદાસજી સ્વામીકૃત 'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃત સાગર' ગ્રંથના માધ્યમે તેમજ સવારે પૂ.દયાળુ સ્વામીએ કવીશ્વર શ્રીદલપતરામજી રચિત 'શ્રીપુરુષોત્તમ ચરિત્ર' ગ્રંથના માધ્યમે લીલા ચરિત્રોનું રસપાન કરાવ્યું હતું. શ્રીહરિનાં સુંદર ચરિત્રો તથા તેમની લીલાની વાતો સાંભળી સૌ હરિભક્તો ખૂબ રાજી થયા હતા. વળી, શ્રીહરિને રાજી કરવા તા.૦૩ થી તા.૦૯ માર્ચ, ૨૦૨૩ સુધી સવાર-સાંજ **'ધૂન પારાયણ ભજનામૃતમ્'**નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



આ પારાયણમાં યજમાનપદની સેવાનો લાભ અરુણાબેન કાંતિલાલ વગેરે કુસકી પરિવારે લીધો હતો. પારાયણ અંતર્ગત તા.૦૫/૦૩/૨૦૨૩, રવિવારના રોજ પૂ.ગુરુજીએ **'રવિસભા'**નો લાભ આપ્યો હતો. વળી, તા.૦૮/૦૩/૨૦૨૩, રવિવારના રોજ **'આત્મીયસભા-૧૧૪'**નો લાભ આપતાં પૂ.ગુરુજીએ હરિસ્મરણ કરવા વિષે ખૂબ સુંદર વાતો કરી હતી. જેનો લાભ આત્મીયસભ્યો તેમજ સૌ કોઈ પરિવારજનોને મળ્યો હતો.




શ્રીસ્વામિનારાયણ ભગવાન ફૂલદોલોત્સવમાં પૂ.સંતો-હરિભક્તોને રંગે રમાડીને ખૂબ આનંદ કરાવતા હતા. મહારાજની આ પરંપરા મુજબ પૂ.ગુરુજીની પ્રેરણાથી કુંડળધામમાં તા.૦૮/૦૩/૨૦૨૩ના રોજ બપોર પછી **'રંગોત્સવ'**નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીજીવાડીમાં ભવ્ય સ્ટેજ પરથી શ્રીહરિજી મહારાજ પિચકારી લઈ સૌને અવનવા કલરથી રંગતા હતા. વળી, પ.પૂ.ગુરુજી અને પૂ.સંતોએ પણ રંગોથી ભરેલી પિચકારી તથા ગુલાલ દ્વારા હરિભક્તોને રંગ્યા હતા. આ આનંદમાં ગરકાવ સૌ સંતો-ભક્તો રંગોત્સવના માહોલમાં ભીંજાઈને ખૂબ રાજી થયા હતા.

## ● દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ એવં ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ-વલ્લભીપુર

સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાને ઉપાસના-ભક્તિનો ધૂધૂબાજ માર્ગ કાયમ ચાલું રહે તે માટે ગામડે ગામડે મુક્તિના દ્વાર સમાં મંદિરોના નિર્માણની પરંપરા પ્રવર્તાવી છે. અને આપણા સત્સંગની મર્યાદા જળવાઈ રહે એવા શુભ આશયથી નંદસંતોએ પહેલેથી જ બહેનોનાં મંદિરો અલગ કરાવ્યાં હતાં. આ પરંપરા અનુસાર ભાવનગર જિલ્લાના વલ્લભીપુર ગામમાં આપણા ગુરુજી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણા અને આર્થિક સહયોગથી ગઢપુરપતિ શ્રીગોપીનાથજી મહારાજના તાબાનું **'નૂતન શ્રીસ્વામિનારાયણ મહિલા મંદિર'**નું નિર્માણ થયું છે. આ નવનિર્મિત મહિલા મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે સં.૨૦૭૯ ફાગણ વદ-૩, શુક્રવારથી ફાગણ વદ-૫, રવિવાર તા.૧૦ થી ૧૨ માર્ચ, ૨૦૨૩ દરમ્યાન **"દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ"**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ **"ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ"**માં પ.પૂ.ગુરુજીએ સદ્.શ્રીમાધવદાસજી સ્વામી કૃત 'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃત સાગર' ગ્રંથના માધ્યમે તેમજ પૂ.દયાળુ સ્વામીએ કવીશ્વર શ્રીદલપતરામજી રચિત 'શ્રીપુરુષોત્તમ ચરિત્ર' ગ્રંથના માધ્યમે કથામૃતનું રસપાન કરાવ્યું હતું. વહાલા મહારાજનાં અનુપમ ચરિત્રો સાંભળી સૌ ભક્તો ખૂબ રાજી થયા હતા.

તા.૧૨/૦૩/૨૦૨૩ના રોજ વડતાલપીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ પધાર્યા હતા અને પોતાના વરદહસ્તે શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં પધારી ખૂબ રૂડા આશીર્વચન આપ્યા હતા. વળી, પ.પૂ.સદ્.પુરાણી શ્રીવિષ્ણુપ્રસાદદાસજી સ્વામી-ગઢપુરધામ, પ.પૂ.શા.શ્રીહરિજીવનદાસજી સ્વામી-ચેરમેનશ્રી, ગઢડા ટેમ્પલ બોર્ડ, પ.પૂ.સદ્.શા.શ્રીભક્તિપ્રિયદાસજી સ્વામી-ઘેલાકાંઠા, ગઢપુરધામ વગેરે બ્રહ્મનિષ્ઠ સંતોએ ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદ્બોધન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા.૧૨/૦૩/૨૦૨૩ના રોજ બપોરે પૂ.ગુરુજીએ અન્નકૂટની આરતી કરીને મહોત્સવની પૂર્ણાહુતિ કરી હતી.

RNI Reg No. Guj/Guj/2004-14154 Postal Lic. No.VDR-E/109/2021-23 valid up to 31-12-2023, posted at RMS-Vadodara on 05/04/2023,
Published on 01/04/2023. Licence to Post without Prepayment No.PMG/GJ/01/2023 Valid up to 31-12-2023 વાર્ષિક લવાજમ રૂા.૪૦/- છૂટક કિંમત રૂા.૫/-

## નૂતન શ્રીસ્વામિનારાયણ મહિલા મંદિર-વલ્લભીપુર

## દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ એવં ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞની પાવન સ્મૃતિઓ...



From : Satsang Sevak Karyalay, Shree Swaminarayan Temple, Karelibaug-Vadodara-18, Gujarat-INDIA.